# રાજાનો કેદી
# દાનિયેલ

લેખક : મેક્સ બોલિઝર
અનુવાદક : માઈક્લ પરમાર



IBGR2 20

# રાજાનો કેદી દાનિયેલ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક :
મેક્સ બોલિઝર

અનુવાદક :
માઈકલ પરમાર

• *પ્રકાશક :*

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,

અમદાવાદ-૩૮૦.૦૦૬.

ફોન : ૪૪૫૨૮૧

• **પ્રથમ આવૃત્તિ :**

૧૯૯૭

• **નકલ : ૧૧૦૦**



• © 1968 by

Ravensburger Buchverlag Otto Maier GmbH.



Title of the original German edition : DANIEL

• **કિંમત : રૂ.**

• **મુદ્રક :**

**જેન્સન કોમ્પ્યુટર્સ**

A-4, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી,

ખોખરા સ્નાનાગાર સામે, મણીનગર (પૂર્વ),

અમદાવાદ-૩૮૦ ૦૦૮.

ફોન : ૨૧૬૨૪૪૧

# પ્રસ્તાવના

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા પ્રકાશિત થતા બાલસાહિત્યના આ પુસ્તકને આવકારતાં આનંદ થાય છે. કારણ કે તેથી, ગુજરાતના અલ્પધન ખ્રિસ્તી બાળ સાહિત્યમાં એક ગણનાપાત્ર ઉમેરો થાય છે.

ગુજરાતના અલ્પધન ખ્રિસ્તી બાલસાહિત્યમાં 'રાજાનો કેદી-દાનિયેલ' એ સચિત્ર પુસ્તિકા એક ગણનાપાત્ર ઉમેરો છે.

બાઈબલમાં દાનિયેલનું જીવન અને તેમનું ભવિષ્યદર્શન માત્ર હૃદયસ્પર્શી નહિ પરંતુ અત્યંત પ્રેરણાદાયી છે. લગભગ ચમત્કારિક કહેવાય એવી ઘટનાઓ - દા.ત. યહૂદામાંથી યુવાનીમાં કેદી તરીકે બેબિલોન જવું, ત્યાં દારૂનો ઈન્કાર કરી માત્ર સાદાં ફળફળાદિ પર જીવવું, રાજાનાં સ્વપ્નો કહેવાં અને તેનું અર્થઘટન પણ કરવું, રાજાની પ્રતિમાને ન નમવા બદલ સિંહોની ગુફામાં નંખાવું અને ઈશ્વરના પરાક્રમની જીવંત સાક્ષી રૂપે સાજાસમા બહાર નીકળવું. આ બધું બાળકો માટે ખૂબ નમૂનારૂપ છે.

પુસ્તકનો સીધી અને સરળ ભાષામાં શ્રી માઈકલ પરમારે અનુવાદ કર્યો છે. અનુવાદને વધુ બાળભોગ્ય બનાવવામાં શ્રી ભગવતપ્રસાદ ચૌહાણનો ફાળો છે.

પુસ્તકના કોપીરાઈટ માટે જર્મનીના શ્રી રેવન્ઝબર્ગર કંપનીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. બાળકોને આ સચિત્ર પુસ્તક ગમશે તેવી આશા છે.

**તા. ૧૫-૬-૧૯૯૭** **ઈમાનુએલ સી. ક્રિસ્ટી**

*સેક્રેટરી*

*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,*

એલિસબ્રિજ, અમદાવાદ-૬.



**સ્વ. રેવ. એસ. ડી. મધુવર્ષિચંદ સાહેબ**
**સ્વ. શ્રીમતી કમળાબેન મધુવર્ષિચંદ**

સ્વ. રેવ. એસ. ડી. મધુવર્ષિચંદ સાહેબ વેસ્લિયન મેથોડિસ્ટ ચર્ચના આદ્યસ્થાપકોના - Pioneers - એક હતા. વર્ષો સુધી તેમણે પાળક તરીકે સેવા આપી. અસાધારણ વાંચન, સુંદર યાદશક્તિ ને પ્રભુ પરના અડગ વિશ્વાસને કારણે તે બધાથી અલગ પડી આવતા. રમૂજી સ્વભાવને કારણે તેમનું મિત્રવર્તુળ પણ મોટું, ટ્રાક્ટ સોસાયટીની વિવિધ સાહિત્ય સેવા પ્રત્યે તેમને અપાર પ્રેમ. તેથી જ રૂા. ૨૦,૦૦૦/- જેવી રકમ રોકડામાં લઈને તે સ્કોલરશીપ ફંડમાં રૂા. ૧૦,૦૦૦/- અને પુસ્તક પ્રકાશન માટે રૂ. ૫,૦૦૦/- જેવું માતબર દાન લઈને આવેલા. જે બે પુસ્તકો તેમનાં પત્ની સ્વ. કમળાબહેનને તે અર્પણ કરવા માગતા હતા, તેમાંથી એક પુસ્તક - રોડ અકસ્માતને કારણે અકાળ મૃત્યુને ભેટેલા એવા - મુ. સ્વ. એસ. ડી. મધુવર્ષિચંદ સાહેબને પોતાને અર્પણ કરવું પડે છે એ દુ:ખ સાથે નોંધવું રહ્યું. પિતાને પગલે ચાલી મંડળીની સેવામાં ઓતપ્રોત રહેનાર શ્રી હઝકિયેલ મધુકરને આ પુસ્તક ખાસ કરીને જુવાનોને ખૂબ પ્રેરણાદાયી બનશે તેવી આશા અને શ્રદ્ધા છે.

# ૧

દાનિયેલ મધરાતે જાગી ગયો. તે બેઠો થયો અને અંધકારમાં તાકી રહ્યો.

મકાનની સાંકડી બારીઓમાં સળિયા જડ્યા હતા. બારણાની બહાર તે ચોકીદારનાં નિયમિત પડતાં પગલાં સાંભળી શકતો. તેની બાજુમાં કામળા ઓઢીને તેના મિત્રો સૂતા હતા. તે તેમનાં નસ્કોરાં સાંભળી શકતો. તેઓમાંના કેટલાક સળવળતા હતા અને બીજાઓ ઊંઘમાં નિસાસા નાખતા.

છેલ્લા થોડા દિવસોમાં તેની સાથે જે કંઈ બન્યું હતું તે બધું તેના સ્મરણપટમાંથી પસાર થઈ રહ્યું : તેની માએ તેને ઊંઘમાંથી ઉઠાડ્યો, તેના પિતાના મુખ પર ચિંતા દેખાતી હતી. સૈનિકો તેના ઘર પાસેથી કૂચ કરતા જતા હતા.



દુશ્મન સૈન્ય લડતું લડતું આગળ વધતું હતું. તેની માતાએ બૂમ પાડી કહ્યું, ''આપણે અહીંથી નાસી જવું જોઈએ.''

તેઓએ યુદ્ધના હોંકારા-પડકારા સાંભળ્યા, તો શેરીઓમાંથી હથિયારોનો ખણ ખણ અવાજ પણ આવતો હતો. તે અને બીજા લોકો શહેરના દરવાજામાંથી બહાર નીકળી આવ્યા, એટલામાં દુશ્મન સૈનિકોએ તેમને ઘેરી લીધા.

દાનિયેલ અને તેના મિત્રો હવે બેબિલોનના રાજા નબૂખાદનેસ્સારના કેદીઓ હતા.

શું તે ફરી પોતાના પિતાને, ભાઈઓ, બહેનોને અને બીજાં સંબંધીઓને જોઈ શકશે ?

તેના પોતાના શહેર યરુશાલેમનું શું થશે ? સંદેશાવાહક યિર્મેયાએ આ વિનાશનું ભવિષ્ય ભાખ્યું હતું અને લોકોને ચેતવ્યા હતા. રાજાએ આ ભવિષ્યકથનો સાંભળી કેમ કોઈ પગલાં ન ભર્યાં ? ઊલટું, તેણે તેની મજાક ઉડાવી અને તેને જેલમાં પૂરી દીધો. આ સંદેશાવાહક વિષે લોકોએ કહેલું, ''તે મૂર્ખ છે.'' દાનિયેલે શેરીમાંથી પસાર થતા યિર્મેયાને ફક્ત એકજ વાર જોયેલો. છતાં તેનો ચહેરો તેને યાદ હતો. હવે તે

બધું તે પોતે આંખો આગળ બનતું જોઈ રહ્યો હતો. જોકે મધરાત હતી છતાં તેણે ખૂબ એકલતા અનુભવી. તે બચી ગયો હતો તેથી તેણે હાશ અનુભવી.

વિજેતા રાજા નબૂખાદનેસ્સાના ચહેરા પર અભિમાન છલકતું હતું. તે લૂંટનો સામાન ભરેલાં ગાડાંની લાંબી લાંબી હારો જોઈ રહ્યો હતો. તેમાં અનાજ, કપડાં, હથિયારો, ઘોડા ઉપરાંત કિંમતી સોનું અને યરુશાલેમના અજાણ્યા દેવના મંદિરનાં સોનારૂપાનાં વાસણો હતાં. તે બધું તે બેબિલોન લઈ જતો હતો.

તેના મુખ્ય હજૂરિયા આસ્પનાઝે તેને હેવાલ આપ્યો; ''મોટા ભાગના દુશ્મનો યુદ્ધમાં માર્યા ગયા છે. યહોયાકિમ રાજાને, સૈનિકોને, કારીગરોને, સ્ત્રીઓને અને બાળકોને કેદ પકડવામાં આવ્યાં છે.''

નબૂખાદનેસ્સારે કહ્યું, ''મારે ગુલામોની જરૂર છે, સારા કારીગરો અને મજબૂત માણસોની જરૂર છે.મારે વિશાળ મકાનો બંધાવવાં છે.''

આસ્પનાઝે રાજાને પૂછયું, ''આપણે રાજવી કુમારો અને તેમના રાજ-દરબારીઓનાં બાળકોનું શું કરીશું ?''

''યહોયાકિમ મારા દરબારમાં કેદી તરીકે રહેશે. સૌથી સુંદર અને સૌથી હોશિયાર યુવાનોને પસંદ કરો.

ત્રણ વર્ષ સુધી તેમને સારી તાલીમ આપો. તેમને મારી સેવા કરવાની રીતે તાલીમ આપો,'' રાજાએ મગરૂરીથી કહ્યું.

આસ્પનાઝ યહૂદી છોકરાઓની હાર પાસેથી પસાર થયો. તેણે તેમને તેઓ ક્યાંથી આવ્યા છે તે પૂછ્યું; તેમના જ્ઞાનની કસોટી કરી. તેની નજર દાનિયેલ પર ઠરી. તે મજબૂત બાંધાનો હતો. આંખો સ્વચ્છ અને ચમકદાર હતી. તે બુદ્ધિશાળી દેખાતો હતો. તેના કાળા, ભરાવદાર વાળ તેના માથા પર ટોપની જેમ ચમકતા હતા.

''તારી ઉંમર કેટલી છે ?''

''સોળ વર્ષ, માલિક.''

''તારું નામ ?''

''મારું નામ દાનિયેલ, મારા પિતા યરુશાલેમમાં રાજાના દરબારમાં દરબારી હતા.''

આસ્પનાઝે પોતાની સાથેના માણસને ઇશારો કર્યો.

તેણે કહ્યું, ''દાનિયેલ, મેં તને રાજા નબૂખાદનેસ્સારના બેબિલોનના દરબારમાં સેવા કરવા પસંદ કર્યો છે. જો તું સંમત થશે અને આજ્ઞાકિત રહેશે તો તને કંઈ મુશ્કેલી પડશે નહિ.''



દાનિયેલ ફક્ત એકલો જ ન હતો.

બીજા જે છોકરાઓ પસંદ થયા હતા, તે હનાન્યા, મિશાયેલ અને અઝાર્યા હતા. દાનિયેલ તેમને મળ્યો. આસ્પનાઝે તેમને નવાં નામ આપ્યાં. હાનાન્યા શાદ્રાખ કહેવાયો, મિશાયેલ મેશાખ બન્યો અને અઝાર્યા અબેદનેગો બન્યો. દાનિયેલ આ ત્રણેને ઓળખતો હતો. તેમના પિતાઓ પણ રાજાના દરબારમાં કામ કરતા હતા. તેઓ બધા સાથે રમ્યા હતા અને લડાઈમાં લડયા હતા. હવે તેમણે એકબીજાની મદદ કરવાનું વચન આપ્યું. તેમણે પોતાના લોકોના રીત-રિવાજ પાળવાનું અને પોતાના પ્રભુને કદી ન ભૂલવાનું નક્કી કર્યું.

આ ગંભીર પ્રસંગે તેમને મિત્રો બનાવ્યા.

આસ્પનાઝ રાજાનો મુખ્ય હજૂરિયો હતો. પરદેશી છોકરાઓને કશાની અછત ન પડે તે જોવાની તેની ફરજ હતી. ઉત્તમ શિક્ષકો દ્વારા તેમને શિક્ષણ આપવામાં આવતું હતું. નિરીક્ષક તેઓની ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવા કાળજી રાખતો. રાજા જે ખોરાક ખાતો તે જ ખોરાક તેમને ખાવા અપાતો અને રાજા પીતો તે દારૂ તેમને પીવા માટે અપાતો.

“અમે આ તેજ દારૂથી ટેવાયેલા નથી કે આટલા બધા

ખોરાકની પણ અમને જરૂર નથી. મોટા ભાગનો ખોરાક ખાવાની અમને મના છે.''

દાનિયેલે તેના મિત્રોને કહ્યું, ''હું આસ્પનાઝને કહીશ કે તે આપણને ફક્ત શાકભાજી, ફળો અને પાણી આપે.''

આસ્પનાઝે દાનિયેલની વિનંતી સાંભળી. તેણે પોતાનું માથું હલાવ્યું. તેણે પૂછ્યું, ''તમને અમારે માટે અસંતોષ કેવી રીતે હોઈ શકે ?''

દાનિયેલે કહ્યું, ''રાજાજીની ઉદારતાને હું જાણું છું. દારૂ લિજ્જતદાર છે, પણ તે અમને ઘેન ચઢાવે છે. હું જાણું છું કે ખોરાક કાળજીથી પસંદ કરવામાં આવે છે, પણ તે અમને આળસુ બનાવે છે.''

આસ્પનાઝ આ છોકરા પર ગુસ્સે ન થાય તો જ નવાઈ ?

પણ તેણે કહ્યું, ''દાનિયેલ, તમારો ખોરાક અને દારૂ હું પસંદ કરતો નથી, પણ રાજાજી પોતે નક્કી કરે છે. તેથી તે આજ્ઞા બની જાય છે. જો બીજાઓ કરતાં તમે ઓછા બળવાન બનો, તો મારું શું થાય તેની તમને ખબર છે ? મારે મારા જીવનથી તેની કિંમત ચૂકવવી પડે.''

''દાનિયેલ, શાદ્રાખ, મેશાખ અને અબેદનેગોની

આંખો બીજા છોકરાઓ કરતાં વધુ ચોખ્ખી અને ચમકદાર કેમ છે ?'' થોડા સમય પછી આસ્પનાઝે નિરીક્ષકને પૂછ્યું, ''કેમ તેમના જવાબો વધુ બુદ્ધિશાળી અને તેમનાં શરીરો વધુ મજબૂત દેખાય છે ?''

નિરીક્ષક ગૂંચવાયો. તે શાંત રહ્યો. તેણે પ્રશ્નસૂચક રીતે દાનિયેલ તરફ જોયું. શું તેણે મુખ્ય હજૂરિયાને રહસ્ય બતાવી દેવું જોઈએ ?

તેણે દાનિયેલની વિનંતી સ્વીકારી હતી. છેલ્લા દશ દિવસોથી આ ચાર છોકરાઓને ફક્ત શાકભાજી, ફળો અને તાજું પાણી જ ખાનગીમાં આપ્યાં હતાં.

આસ્પનાઝ તેની મૂંઝવણ પારખી ગયો.

ઓચિંતો તે હસી પડયો.

તેણે કહ્યું, ''મને લાગે છે કે, તેમને માટે શાકભાજી, ફળો અને પાણી કરતાં વધુ સારું બીજું કંઈ નથી.'' બીજા કોઈ પ્રશ્નો પૂછયા વગર તે જતો રહ્યો.

દાનિયેલ આભારી ભાવે તેને જતો જોઈ રહ્યો.

ત્રણ વર્ષો પસાર થઈ ગયાં. યહૂદી છોકરાઓ જુવાન માણસો બન્યા. રાજાએ તેમને પોતાના રાજ દરબારમાં લાવવાનો હુકમ કર્યો. ભભકદાર રંગોવાળા, વણાટના



સુંદર ગાલીચાઓમાં તેમનાં પગલાં ખૂંપી જતાં હતાં. દીવાલો આરસ જેવા પથ્થરોના ટાઇલ્સથી શણગારેલી હતી. તેમાં ચિત્રો અને કલાત્મક રેખાંકનો હતાં. રાજાના જીવનપ્રસંગોનુ તેમના પર ચિત્રોમાં આલેખન હતાં. રાજાને પોતાના ભાલાથી સિંહ અને હાથીનો શિકાર કરતો બતાવ્યો હતો. આ અપરિચિત ભવ્યતા જોઈ કેદીઓ ભયભીત થયા.

આસ્પનાઝ રાજાની ગાદી પાછળ ઊભો હતો. તેણે તેમને વધુ નજીક આવવા નિશાની કરી.

તેણે અભિમાનથી કહ્યું, ''આ યહૂદી જુવાનો છે. તેઓમાંનો દસેક આપણી ભાષા બોલે છે અને તે વાંચે લખે છે.''

પ્રથમવાર જ કેદીઓને બેબિલોનના રાજા પાસે લાવવાંમાં આવ્યા હતા. રાજાના વાળ તેના ખભા સુધી પથરાયેલા હતા. રાજાની અણિયાળી ટોપી કિંમતી રત્નો વડે શોભતી હતી. સરસ રીતે કાપેલી ચોરસ દાઢી તેની છાતીને ઢાંકતી હતી. તેના હાથ તેની ગાદી પર ટેકવેલા હતા. તેનું સિંહાસન આખલા અને રાક્ષસોનાં માથાંથી સજાવેલું હતું.

માપ કાઢતી તેની આંખો જુવાનો પર મંડાઈ.

માનપૂર્વક તેઓ તેના પગને ચુંબન કરવા નીચા વળ્યા.

''ઊભા થાઓ.''

પછી તે આસ્પનાઝ તરફ ફર્યો.

તેણે કહ્યું, ''વાચન, લેખન, ખગોળશાસ્ત્ર, ગણિત અને ઈતિહાસ જાણવાં તે પૂરતું નથી. મારે એ જાણવું છે કે તેઓ કેટલા શાણા અને બુદ્ધિશાળી છે. મારે તેમની કસોટી કરવી છે.''

આસ્પનાઝે કહેલું તે શું સત્ય હતું ? દાનિયેલ અને તેના મિત્રોની આંખો બીજા જુવાનો કરતાં વધુ ચોખ્ખી હતી. તેમના ઉત્તરો વધુ બુદ્ધિ સૂચવતા હતા. તેમનાં શરીરો વધુ મજબૂત હતાં.

''દાનિયેલ, શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો, તમારા જવાબો બીજા જુવાનોએ આપેલા જવાબો કરતાં દશ ગણા વધુ સારા છે. તમે મારા જ્યોતિષીઓ અને ખગોળશાસ્ત્રીઓ કરતાં વધુ હોશિયાર માલૂમ પડયા છો. તમે મારી પાસે આવો. હું તમને મારા મહેલની તદ્દન નજીક રહેઠાણ આપીશ. ત્યાં તમે ભેગા રહી શકશો,'' રાજાએ કહ્યું.



# ૨

નબૂખાદનેસ્સારના શયનખંડમાં પ્રભાતનો ઝાંખો પ્રકાશ પ્રવેશ્યો. રાજા તેના શાહી પલંગમાથી નીચે ઊતર્યો. તે ખુલ્લી બારી પાસે જઈ ઊભો. તેના કપાળ પર પરસેવાનાં બિંદુઓ હતાં. અધીરાઈથી તે સૂર્યોદય થવાની રાહ જોઈ રહ્યો. તેના હોઠો ફફડ્યા.

તે ગણગણ્યો : ‘‘મને સ્વપ્નથી ગભરાટ થયો છે. શું હું દુનિયામાં સૌથી સમર્થ રાજાઓમાંનો એક નથી ? દૂરના દેશોમાંથી વહાણો મારે માટે કિંમતી વસ્તુઓ લાવે છે. મારા ભંડારો ભરપૂર છે. અજાણ્યા લોકો મારાં ખેતરોના ઉત્પાદનથી આશ્ચર્ય પામે છે. મારી પ્રજા મને ચાહે છે. મારા સૌથી નીચલી કક્ષાના ગુલામો કદી ભૂખ્યા પેટે પથારીમાં સૂતા નથી. કયાં કારણે મને આટલો બધો ભયભીત બનાવ્યો છે ?’’

હવે સૂર્યનાં કિરણો ટેકરીની ટોચ પર પ્રકાશતાં હતાં. બેબિલોનના મુખ્ય દરવાજાની દીવાલો પરનું એસ્ટર દેવીનું શિલ્પ અગ્નિ જેવું ઝગારા મારતું હતું. રંગીન કાચના હજારો ટાઈલ્સથી રાજાની આંખો અંજાઈ ગઈ.

નબૂખાદનેસ્સારે નિસાસો નાખ્યો.

"જો કોઈ મને મારું સ્વપ્ન નહિ કહે, તો મને કંઈ ચેન પડશે નહિ."

નબૂખાદનેસ્સારે તેના રાજ્યના બધા વિદ્વાનો અને જ્યોતિષશાસ્ત્રીઓને એક સાથે બોલાવ્યા.

તેણે કહ્યું, "મને એક સ્વપ્ન આવ્યું હતું. તે કયા પ્રકારનું હતું તે મારે જાણવું છે."

તેમણે જવાબ આપ્યો, "રાજા ઘણું જીવો, તમારું સ્વપ્ન અમને કહો અને અમે તેનો અર્થ કહી બતાવીશું."

જ્યારે નબૂખાદનેસ્સારે તેઓના આ શબ્દા સાંભળ્યા ત્યારે તેનું મુખ ઝંખવાઈ ગયું.

"હું સ્વપ્ન ભૂલી ગયો છું. તમે મને કહો કે તે શું હતું ? જો તમે તે કહેશો તો હું તમને મોટું ઈનામ આપીશ."

વિદ્વાનો ગભરાયા. શું તેઓ રાજાને બરાબર સમજ્યા હતા ?

તેઓમાંનો સૌથી વૃદ્ધ વિદ્વાન બોલ્યો :

''કોઈપણ રાજા ગમે તેટલો મહાન હોય છતાં, ફક્ત દેવો જ જે જાણે છે તે તેના સેવકો પાસેથી જાણવાની કેવી રીતે અપેક્ષા રાખી શકે ? પણ તમારું સ્વપ્ન અમને કહો અને અમે તમને તેનો અર્થ કહી બતાવીશું.''

રાજા તેમના પર ગુસ્સે થયો.

''તમે મારી પાસે એવી વાત કરવાની હિંમત કેવી રીતે કરો છો ! મને મારું સ્વપ્ન કહો અથવા હું તમારાં ઘરો પડાવી નંખાવીશ અને તમારા ટુકડેટુકડા કરી નાખીશ.''

શું રાજા એ સમજતા નહિ હોય કે તે પોતાના વિદ્વાનો પાસેથી અશક્યની અપેક્ષા રાખી રહ્યા છે ?

''કહેવાતા વિદ્વાનો ! તમે તો જૂઠા છો અને બડાઈ-ખોર છે ! મારી દષ્ટિથી દૂર થાઓ ! મારે તમારાં મોં ફરી કદી જોવાં નથી.''

ભયથી થરથર કાંપતા જ્યોતિષશાસ્ત્રીઓ અને વિદ્વાનો મહેલમાંથી ભાગી છૂટયા.

રાજા શાંતિથી વિચારવા લાગ્યો, તેણે વિચાર્યું : ''મારી શક્તિ મારી સમૃદ્ધિ શા કામની ?''

ગમે તેટલા પ્રયત્નો કર્યા, પણ તે પોતાનું સ્વપ્ન યાદ કરી શક્યો નહિ. ભય જંગલી જાનવરની જેમ તેની તરફ દાંતિયાં કરવા લાગ્યો.

હતાશામાં તેણે આરીઓખને બોલાવ્યો, જે તેની હજૂરમા રહેતા રક્ષકોનો સરદાર હતો.

તેણે હુકમ કર્યો, ''સો સૈનિકોને લઈને જા અને બધા જ્યોતિષશાસ્ત્રીઓ અને વિદ્વાનોને મારા મહેલમાં પકડી લાવ. હું તેમનાં વખાણથી થાકી ગયો છું. મારે તેમને બધાને મારી નાખવા પડશે.''

આરીઓએ પૂછ્યું, ''યહૂદાના ચાર જુવાન માણસોનું શું ? શું રાજાને તેમના વિદ્વાન માણસો કરતાં વધુ વિદ્વાન લાગ્યા ન હતા ?''

''મને ખાતરી છે કે તેઓ પણ મારા સ્વપ્નને કહી શકશે નહિ.''

આરીઓખે રાજાને યાદ કરાવ્યું, ''પણ તેઓ નિર્દોષ છે.''

નબૂખાદનેસ્સારને મૂંઝવણ થઈ.

''તેમને પણ મૃત્યુદંડ થશે. તેમને પણ પકડી લાવો અને અહીં મારી પાસે લઈ આવો.''

દાનિયેલ અને તેના મિત્રો કામે લાગી ગયા હતા. તેઓએ તારા અને નક્ષત્રોના સ્થાનોની ગણતરી કરી અને પુરાતન લેખો ઉકેલવા પ્રયત્નો કર્યા.

આરીઓખે તેમના બારણે ટકોરા માર્યા.

દાનિયેલે પૂછ્યું, ''તમે અમારી પાસે કેમ આવ્યા છો ? શું રાજાનો કોઈ હુકમ છે ?'' સશસ્ત્ર સૈનિકોને તેમના સરદારની પાછળ જોઈ તેઓ આશ્ચર્ય પામ્યા.

આરીઓખે શાંતિથી કહ્યું, ''હા, રાજાની આ આજ્ઞા છે. મારે તમને જેલમાં લઈ જવા જ પડશે. તમને મૃત્યુદંડની સજા ફરમાવેલી છે.''

તેણે મહેલમાં શું બન્યું હતું તે બતાવ્યું. તેણે કહ્યું, ''આ બદનસીબને કોઈ બદલી શકે તેમ નથી.'' દાનિયેલે ધ્યાનથી સાંભળ્યું.

દાનિયેલના મનમાં શું ચાલતું હતું ? તેની આંખો દૂર જોઈ રહી હતી. જ્યારે તે જેલમાં પ્રથમ રાત વિતાવી રહ્યો હતો, ત્યારે તે પોતાનાં આંતરચક્ષુ વડે યિર્મેયાના ચહેરાને જોઈ શકતો હતો.

''દાનિયેલ, તને શું થયું છે ? બોલ !''

''આરીઓખ, મને રાજા પાસે લઈ જાવ. હું તેમને

મદદ કરવા પ્રયત્ન કરીશ.'' તેણે નિર્ણાયક અવાજે તેને કહ્યું.

ઊંઘ વગરની રાતોથી નબૂખાદનેસ્સારનો ચહેરો ઝાંખો અને ઊતરેલો બન્યો હતો. દાનિયેલ તેને મુશ્કેલીથી ઓળખી શક્યો.

રાજાએ પૂછયું, ''તારી શી ઇચ્છા છે ?''

''તમને શું સતાવે છે તે આરીઓખે મને કહ્યું છે. તમારા સ્વપ્નને બતાવવા મને મદદ કરે માટે હું ઈશ્વરને પ્રાર્થના કરીશ.''

રાજા મજાકમાં હસ્યો. ''તે કયા પ્રકારનો ઈશ્વર છે ?''

દાનિયેલ તેના હેતુમાંથી ડગ્યો નહિ.

તેણે કહ્યું, ''તે યહૂદાનો પ્રભુ છે. તે મારા લોકોનો અદશ્ય પ્રભુ છે.''

દાનિયેલના અવાજમાં એવું કંઈક હતું, જેથી રાજાએ તેના બોલવા પર ધ્યાન આપ્યું. તેણે દાનિયેલની આંખોમાં જોયું. તેને તે દિવસ યાદ આવ્યો જ્યારે તેની આગળ પ્રથમવાર યહૂદાના છોકરાઓને લાવવામાં આવ્યા હતા. જ્યારે તેણે બીજા બધા કરતાં વધુ બુદ્ધિશાળી અને વધુ દેખાવડા જોયા હતા. તે હસ્યો.

તેણે કહ્યું, દાનિયેલ, તું નવી આશા જગાડે છે.

હું તારા જવાબની ત્રણ દિવસ રાહ જોઈશ. પછી તારા પર આફત ઊતરી આવશે, જો તું આમાં ઢીલ કરીશ તો તે નકામી સાબિત થશે.''

રાજા સાથે વાત કર્યા પછી દાનિયેલ પોતાના મિત્રો પાસે પાછો આવ્યો.

તેણે તેમને પ્રાર્થના કરવા માટે પોતાને એકલો છોડવા કહ્યું.

તેણે કહ્યું ''આપણાં જીવનો ઈશ્વરના હાથમાં છે.''

એકાંતમાં તેણે શાંતિ અનુભવી. તેણે ઈશ્વરનો અવાજ સાંભળવા માટે તેને તૈયાર કરવામાં મદદ કરી.

''દાનિયેલ ! દાનિયેલ ! દાનિયેલ !''

તે ધ્રૂજવા લાગ્યો.

''દાનિયેલ, હું તને ગૂઢ અને ઊંડાં રહસ્યો સમજવાની શક્તિ આપીશ. હું તને સ્વપ્નોનું અર્થઘટન કરવાની બક્ષિસ આપીશ. હું તારા મુખમાં સાચા શબ્દો મૂકીશ.''

દાનિયેલ ઘૂંટણીએ પડયો.

તે ગણગણ્યો, ''પ્રભુ, તારી ઈચ્છા પ્રમાણે થાઓ.''



ઈશ્વરના અવાજે તેના આખા અસ્તિત્વને ભારે આનંદથી ભરી દીધું.

ત્રણ દિવસો પછી તે ચમકતી આંખો સાથે પોતાના મિત્રો પાસે પાછો ફર્યો.

તેણે શાંતિથી કહ્યું, ''ઈશ્વર મહાન છે.''

''આપણે જેને માટે પ્રાર્થના કરી હતી તે પ્રભુએ મને બતાવ્યું છે. તે ગૂઢ અને છૂપું બધું જ જાણે છે. અંધકારમાં શું પડેલું છે તે ઈશ્વર જાણે છે.''

એકલો રાજા જ નહિ પણ આરીઓખ, કેદ થયેલા વિદ્વાનો અને ભવિષ્યશાસ્ત્રીઓ દાનિયેલના જવાબની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

શું એનો જવાબ એમને ઉગારી લેશે ?

નક્કી કરેલા સમયે દાનિયેલ રાજાની આગળ હાજર થયો.

નબૂખાદનેસ્સારે રક્ષકો, પ્રધાનો અને મુખ્ય હજૂરિયાને પણ બહાર મોકલ્યા. તે દાનિયેલ સાથે એકલો જ રહ્યો.

તેણે દાનિયેલને હુકમ કર્યો, ''બોલ''

''મારા રાજા, સ્વર્ગમાં રહેતા ઈશ્વર છૂપું અને ગૂઢ

એવું બધું જ જાણે છે. તે મારા વડવાઓનો અદશ્ય ઈશ્વર છે. મારા શબ્દોમાં તમારી સાથે તે બોલે છે. તમારું સ્વપ્ન આ હતું : તમે તમારી આગળ એક પ્રચંડ પ્રતિમાને ઊભેલી જોઈ હતી. તેનું માથું ચોખ્ખા સોનાનું હતું. તેની છાતી અને હાથ ચાંદીના હતા, તેનું પેટ કાંસાનુ હતું. તેના પગ લોખંડના હતા. તેના પગની પાટલીઓ થોડી લોખંડની અને થોડી માટીના હતી. ઓચિંતો એક મોટો પથ્થર ક્યાંકથી પડયો. તે ક્યાંથી પડયો તે તમે જાણતા ન હતા. તે પથ્થરે લોખંડ અને માટીના પગ ભાંગી નાખ્યા. મોટી પ્રતિમા જમીન પર તૂટી પડી અને પવનથી ઊડતાં ફોતરાંની જેમ બધું ઊડી ગયું. પથ્થર વધીને પહાડ બની ગયો. તેનાથી પૃથ્વી ભરાઈ ગઈ.''

રાજા શ્વાસ રોકીને રસથી દાનિયેલના શબ્દો સાંભળી રહ્યો.

''હા, તે જ મારું સ્વપ્ન હતું, આગળ ચલાવ.''

''હવે હું તમને તેનો અર્થ કહી સંભળાવીશ.'' દાનિયેલે આગળ ચલાવ્યું. ''સ્વપ્ને તમને ભવિષ્ય બતાવ્યું છે. રાજા નબૂખાદનેસ્સાર, તમે સોનાનું માથું છો. ઈશ્વરે તમને સામર્થ્ય અને બળ આપ્યાં છે. તમારા પછી તમારા રાજ્યનો વૈભવ ચાલ્યો જશે. રાજ્યના ટુકડા થઈ



જશે. એક રાજ્ય ચાંદી જેવું બનશે, બીજું પિત્તળ જેવું, અને બીજું એક ફક્ત લોખંડ જેવું બનશે.

''અને પથ્થર શું દર્શાવે છે?''

''પથ્થર જે આકાશમાંથી પડયો હતો તે ઈશ્વર બતાવે છે. તે જે રાજ્ય ઊભું કરશે, તે સનાતન હશે અને તે આખી પૃથ્વીને ભરી દેશે.''

જ્યારે દાનિયેલ બોલી રહ્યો હતો ત્યારે રાજા પોતાની રાજગાદી પરથી ઊભો થયો. ધીમેધીમે તે પગથિયાં ઊતર્યો.

તેણે કહ્યું, ''દાનિયેલ, તારી મારફતે, મેં મારા હૃદયના વિચારો શોધી કાઢયા છે.''

નબૂખાદનેસ્સાર બીજા દિવસે પોતાના રાજવી પોષાકમાં, માથે મુગટ અને હાથમાં રાજદંડ સાથે આવ્યો. તેની સામે પ્રધાનો, દરબારીઓ, વિદ્વાનો અને જ્યોતિષશાસ્ત્રીઓ ઊભા હતા.

દાનિયેલ રાજાની પાસે ઊભો હતો.

રાજાએ જાહેર કર્યું : ''દાનિયેલે મને મારું સ્વપ્ન બતાવ્યું છે, તેણે તેનો અર્થ પણ કર્યો છે. મને તેના દ્વારા શાંતિ મળી છે. એમાં કોઈ શક નથી કે એક પ્રભુઓના

પણ પ્રભુ છે. તે જ રાજાઓના રાજા છે. નોંધી લો : મેં દાનિયેલને મારા બધા વિદ્વાનો અને જ્યોતિષશાસ્ત્રીઓ પર ઊંચા સ્થાને મૂક્યો છે. મારી ઇચ્છા તેને બેબિલોનના આખા પ્રદેશ પર કારભારી બનાવવાની હતી, પણ તેણે આ હોદ્દો સ્વીકારવાની ના પાડી. તેને બદલે, મેં શાદ્રાખ, મેશાખ અને અબેદનેગોને રાજ્ય પર વહીવટદારો તરીકે નીમ્યા છે. કારણ કે, મને તેઓ ડાહ્યા અને ન્યાયી માલૂમ પડયા છે. જો કે, દાનિયેલ મારી બાજુએ રાજદરબારમાં અહીં રહેશે.''

આખા દરબારમાં રાહત ફેલાઈ ગઈ. ''રાજા અમર રહો ! દાનિયેલ ઘણું જીવો !''

ફકત વિદ્વાનો અને જ્યોતિષશાસ્ત્રીઓ, જેઓ જેલમાંથી મુકત થયા હતા, તેઓ જ શાંત હતા.

''રાજાએ આ જુવાનોને આપણા પર ગોઠવ્યા છે. યહૂદાના ત્રણ ગુલામો બેબિલોન પર રાજ કરશે,'' તેઓ ગણગણ્યા.

તેઓ ભૂલી ગયા હતા કે દાનિયેલે તેમના જીવ બચાવ્યા હતા.

# 3

રાજાએ પોતાની એક પ્રતિમા બનાવડાવી. તે સાઠ હાથ ઊંચી હતી અને છ હાથ પહોળી હતી. દુનિયાના લોકો આગળ બેબિલોનના રાજા નબૂખાદનેસ્સારની કીર્તિ વધે તે માટે તે મૂર્તિ બનાવાઈ હતી.

તે પ્રતિમા બેબિલોનની રાજધાનીની નજીક દુરાના મેદાનમાં ઊભી કરવામાં આવી.

શેરીઓમાં અને બજારોમાં લોકો બીજા કશાની વાત કરતા નહિ.

એક માણસે બીજાને કહ્યું, ''તે નક્કર સોનાની બનાવેલી છે.''

બેબિલોનમાં આ પ્રતિમાની સ્થાપના સમયે બધા સૌથી મહત્ત્વના માણસોને આમંત્રણ આપવામાં આવ્યું હતું : રાજકુમારો, સૂબાઓ, સરદારો, ન્યાયાધીશો અને

ભંડારીઓને તેડાવવામાં આવ્યા હતા.

રાજાએ કહ્યું, ''બધાએ મારા વૈભવ સમી મૂર્તિની પૂજા કરવી જોઈએ.''

બધાં પર વાદળાં વગરનું વાદળી આકાશ ફેલાયેલું હતું.

ઢાંકેલી પ્રતિમાની આસપાસ ચળકતા, ઉત્સવે પહેરાતા ઝભ્ભા પહેરી આમંત્રિતો ભેગા થયા હતા.

ત્યાં પોકાર પડયો, ''શાંતિ !''

''હે માણસો ! સાંભળો, જ્યારે રણશિંગડાં, વાંસળી, વીણા અને તારવાજાં વાગે ત્યારે તમે પગે પડી સોનાની પ્રતિમાની પૂજા કરજો. જે કોઈ રાજાની આજ્ઞાનો અનાદર કરશે તેને બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં ફેંકી દેવામાં આવશે.''

ટોળામાં એકદમ હલચલ મચી ગઈ. ચારે તરફથી સંભળાતા આનંદના પોકારોથી આકાશ ગાજી રહ્યું.

રણશિંગડાંથી રાજાના આગમનની જાહેરાત થઈ.

''રાજા અમર રહો !''

''રાજા લાંબું જીવો ! તેમની ખ્યાતિ આખી દુનિયામાં જાહેર થાય ! તેમની શક્તિ મહાન છે !''

નબૂખાદનેસ્સાર સંતોષથી પોતામા સુશોભિત આસન પર પાછળ ટેકો દઈ બેઠો હતો તે ભવ્યતાથી ભરપૂર દેખાતો હતો. ટોળામાંના લોકો તેની આઠ ઘોડા જોડેલી રાજગાડી આગળથી પાછા હઠી ગયા. રાજા હસ્યો અને ટોળાં તરફ હાથ હલાવ્યો. તેણે જાજરમાન વસ્ત્રો પહેર્યાં હતાં. રેશમમાંથી બનાવેલ લાંબો જાંબુડિયા રંગનો ઝભ્ભો પહેર્યો હતો. તેનાં કાંડા પર સોનાનાં આભૂષણ ઝૂલતાં હતાં. તેની કટારના હાથા પર કિંમતી રત્નો જડેલાં. તેના કાનમાંનાં કુંડળો સૂર્યપ્રકાશમાં ઝળહળી રહ્યાં.

નબૂખાદનેસ્સાર પોતાની પ્રતિમા આગળ ઊભો રહ્યો. પોતાના માટે તૈયાર કરેલા તખ્તા પર તે ઠસ્સાથી ચઢી ગયો. તેની પાછળ એક ગુલામ મોટી છત્રી લઈ ચાલતો હતો.

રજાના ઢંઢેરાની છેલ્લી વખત જાહેરાત થઈ : ‘‘જ્યારે રણશિંગડુ, વાંસળી, વીણા અને તારવામાંના અવાજો સાંભળો ત્યારે ઘૂંટણીએ પડીને દરેકે રાજાની મૂર્તિની પૂજા કરવી.’’

વાતાવરણમાં શાંતિ હતી. વૃક્ષોમાથી આવતા પવનનો અવાજ સાંભળાતો હતો. દૂરથી પક્ષીઓનો કલરવ સંભળાતો હતો.

હજારો આંખો રાજા પર મંડાયેલી હતો. સંગીતકારો, વાજિંત્રવાદકો અને નૃત્યકારો તૈયાર થઈને ઊભા હતા.

રાજાની નિશાની થતાં, પડદો નીચે પડયો. ઘૂંટણે પડેલાં ટોળાંની વચ્ચે શાંત, સૂર્યપ્રકાશમાં ઝબકારા મારતી પ્રતિમા ઊભી હતી. પ્રતિમાનો ચહેરો રાજાની ભવ્ય મુખ - મુદ્રા દર્શાવતો હતો.

પણ વિદ્વાનો અને જ્યોતિષીઓને શું થયું હતું ? તેઓ એકબીજાની સામે તાકીને, એકબીજાને ધીમેથી કહી રહ્યા હતા : ''યહૂદાના જુવાન માણસો તરફ જુઓ !''

''તેઓ ઘૂંટણે પડેલા લોકો વચ્ચે ઊભા રહ્યા છે.''

''શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો રાજાની આજ્ઞાને અવગણવાની હિંમત કરે છે.''

''આપણે રાજા આગળ તેમની વિરુદ્ધ આરોપ મૂકીશું.''

''રાજા તેમને છોડશે નહિ.''

''હવે તેમનો અધિકાર ખતમ થયો છે.''

''દાનિયેલ પણ હવે તેમને અગ્નિની ભઠ્ઠીથી બચાવી શકશે નહિ.''

''શું કોઈએ મારી આજ્ઞાનો અનાદર કરવાની હિંમત





કરી છે ? તે કોણ છે ?'' નબૂખાદનેસ્સારે ગુસ્સે થઈ જાણવા માગ્યું.

''હે રાજા ! જો અમે તમને સારા સમાચાર આપી શક્યા હોત તો કેવું સારું ! તે તો ત્રણ યહૂદી જુવાનો છે, જેમને તમે બેબિલોન પર કારભાર ચલાવવા મૂક્યા છે. તે દાનિયેલના મિત્રો છે. તેઓ તમારા દેવોની ભક્તિ કરતા નથી અને તમારી સોનાની પ્રતિમા આગળ નમવાની ના પાડે છે.''

રાજાનો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. તેણે આજ્ઞા કરી : ''તેઓને મારી આગળ પકડી લાવો.''

નમ્રતાથી, પણ ગભરાટ વગર શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો રાજાની આગળ ઊભા હતા.

રજાએ તેમને પૂછ્યું, ''તમે મારી આજ્ઞાની અવગણના કેમ કરી ?''

''રાજાજી, આપ મહાન અને શક્તિશાળી રાજા છો. આપ અમને-યહૂદાના આપના ગુલામોને, ઊંચા હોદ્દા આપી અમારામાં વિશ્વાસ મૂક્યો છે. અમે આપના ખૂબ આભારી છીએ. પણ અમે આપની સોનાની પ્રતિમા આગળ કદી માથું નમાવીશું નહિ.''

આ નિર્ભય ઉત્તરથી રાજા વિચારમાં પડી ગયા.

કદાચ જ્યારે દાનિયેલે સ્વપ્નનો અર્થ કહી બતાવ્યો ત્યારના દાનિયેલના શબ્દો તેને યાદ આવ્યા હશે.

કદાચ તેને દાનિયેલની ખાતર ભયંકર શિક્ષાથી તેઓને બચાવી લેવાતી ઇચ્છા હશે.

વિદ્વાનો અને જ્યોતિષીઓની આગ્રહી નજરો તરફ લક્ષ આપ્યા સિવાય તેણે કહ્યું, ''હું તમારાં જીવનો બચાવી લઈશ, જો તમે પ્રતિમાની આગળ હમણાં જ ઘૂંટણે પડશો તો !''

''મહાન રાજા, તમે અમારો જવાબ સાંભળ્યો છે. અમે અમારાં મનો ફેરવી શકતા નથી. જો ઈશ્વરની ઇચ્છા હશે તો તે બળબળતા અગ્નિની ભઠ્ઠીમાંથી અમને બચાવી શકે છે.''

રાજા અવાક થઈ ગયો.

વિજયી બનેલા વિદ્વાનો અને જ્યોતિષીઓ તાકી રહ્યા.

રાજા ગુસ્સે થયો.

તેનો ચહેરો બદલાઇ ગયો. ગુસ્સામાં તેનો ચહેરો ભયંકર દેખાતો હતો.

''આરીઓખ, તેમને હમણાં જ બાંધી દો ! હંમેશ કરતાં અગ્નિની ભઠ્ઠીને સાત ગણી વધુ ગરમ કરો.''

''તેમની હઠીલાઈથી તેઓ પસ્તાશે અને આજે જ દુઃખદ મોતે મરશે.''

રાજાએ બધી ઉજવણી બંધ કરાવી દીધી.

વેરથી ખદખદતા વિચારો સાથે રાજા બેબિલોન પાછો ફર્યો. તેના યોદ્ધાઓ ત્રણ બંદીઓને લઈને તેની પાછળ આવતા હતા.

''યહૂદી કેદીઓ, મારી આજ્ઞાની અવગણના કરવા બદલ શું થાય છે તે તમે જોશો !''

તેના મહેલમાં આગમન પછી તેણે દાનિયેલને પોતાની હજૂરમાં બોલાવ્યો.

''તારા મિત્રોએ મારી આજ્ઞાની અવગણના કરી છે. તેઓએ મારી ભલાઈનો બદલામાં હઠીલાઈ અને ઉદ્ધતાઈ પાછાં વાળ્યાં છે. હવે હું તેમને મારી આખો આગળ મરતાં જોઈશ. તું, દાનિયેલ, તે તું પણ જોશે,'' રાજાએ કહ્યું.

દાનિયેલ ભયભીત હતો. તે જાણતો હતો કે રાજા સાથે દલીલ કરવાનો કોઈ અર્થ ન હતો.

રાજા ક્રોધમાં અંધ બન્યો હતો.

યહૂદાના ત્રણ કેદીઓને જાહેરમાં બાળી મૂકવામાં આવશે.

રાજાના મહેલના આગળના મોટા ચોકમાં લોકોનાં ટોળાં સમાતાં ન હતાં. વિદ્વાનો અને જ્યોતિષીઓએ શાદ્રાખ, મેશાખ અને અબેદનગો સામે સાક્ષી આપી હતી. તેઓ પોતાનો આનંદ છુપાવી શકતા ન હતા.

તેઓ કહેતા, ''હવે આપણે રાજાની મહેરબાની પાછી મેળવી શકીશું.''

ઈંટો પકવવાની ભઠ્ઠી પર હવા ચમકતી હતી. ભઠ્ઠીની ગરમીથી અગ્નિ સળગાવનાર નોકરોના વાળ અને ચામડી બળી જતાં હતાં.

દાનિયેલ ગુસ્સે ભરાયેલા રાજાની બાજુમાં ઊભો હતો. તે ઇચ્છતો હતો કે તે પોતાના મિત્રોને કંઈક કહે, પણ રાજાએ તેમની સાથે વાત કરવાની મના ફરમાવી હતી.

શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો સૈનિકોના રક્ષણ નીચે જમીન પર પડેલા હતા. તેઓ ફરિયાદનો એક શબ્દ પણ બોલ્યા ન હતા.



આરીઓખે રાજાને જણાવ્યું, ''ભઠ્ઠી તૈયાર છે.'' ઊંચા મકાનો જેટલી ઊંચી જવાળાઓ આકાશમાં ચઢતી હતી.

નબૂખાદનેસ્સારે હુકમ આપ્યો, ''જેવા તે છે તેવી બાંધેલી હાલતમાં તેમને ભઠ્ઠીમાં નાખી દો...''

તેણે કટાક્ષ કર્યો, ''ભઠ્ઠીનું બારણું ખુલ્લું જ રહેવા દેજો. મારે જોવાની ઈચ્છા છે કે તેમનો ઈશ્વર તેમને બચાવવા આવે છે કે કેમ !''

સૈનિકો શાદ્રાખ, મેશાખ અને અબેદનેગોને હાથ વડે પકડીને ભઠ્ઠી પાસે ઘસડી ગયા અને અગ્નિમાં નાખી દીધા ગરમી એટલી બધી હતી કે નાખનારા રક્ષકો શ્વાસ લઈ શકતા નહિ અને સમયસર પાછા ફરી શક્યા નહિ. તેઓમાંનો એક પણ પોતાને બચાવી શક્યો નહિ. રક્ષકો સળગતા જ જમીન પર પડયા અને મરી ગયા.

રાજા કર્કશ અવાજે ગણગણ્યો, '' દાનિયેલ, શું તું ખરેખર માને છે કે, તમારો ઈશ્વર અગ્નિમાંથી માણસને બચાવી શકે છે ?''

દાનિયેલે જવાબ ન આપ્યો. તે પ્રાર્થના કરતો હતો.

ટોળામાં શાંતિ છવાઈ ગઈ, ગર્જના અને લાકડાં



તૂટવાના ભયંકર અવાજો આવતા હતા.

લોકોએ કહ્યું, ''જો રક્ષકો એટલી ઝડપથી મરી ગયા, તો શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો મરી જ ગયા હશે. ચાલો, આપણે ઘેર જઈએ. પણ આ શું ?''

અગ્નિભઠ્ઠીમાંથી અવાજો બહાર સંભળાયા : ''ઓ પ્રભુ, અમારા પિતૃઓના દેવ, અમે તારી સ્તુતિ કરીએ છીએ. તમારા નામને ધન્ય હો ! અમે અમારા પૂરા હૃદયથી તમારી પાછળ ચાલીશું. તમારા સામર્થ્ય વડે તમે અમને બચાવ્યા છે. તમારા દુશ્મનો જુએ કે તમારા કરતા વધુ શક્તિશાળી બીજો કોઈ ઈશ્વર નથી.

નબૂખાદનેસ્સાર પાછો હઠી ગયો. અવાજથી તે આશ્ચર્ય પામ્યો અને ભયભીત થઈ ગયો. તેણે તેના સિંહાસનના હાથા જોરથી પકડયા. તે અગ્નિ જોવા આગળ નમ્યો. ઓચિંતો તેણે દાનિયેલનો હાથ પકડયો.

''શું હું સ્વપ્ન જોઉં છું, કે ગરમીએ મારા મગજને ભમાવી દીધું છે ? હું ફક્ત ત્રણ માણસોને જોતો નથી. હું ચાર માણસોને ભઠ્ઠીમા જોઉં છું. તેઓ સળગતી જવાળાઓમાં આમ તેમ સાજાસમા ફરી રહ્યા છે, જાણે તાજી હવા તેમને ઠંડક આપતી ન હોય !''

રાજાએ પોતાના રક્ષકો માટે આસપાસ જોયું. પણ

તેમના ચહેરા પર એ જ ભાવ હતો, જે તે પોતે અનુભવી રહ્યો હતો.

દાનિયેલે શાદ્રાખનો અવાજ ઓળખ્યો.

તેને ખ્યાલ આવ્યો કે, ચોથી વ્યક્તિ દૂત જ હશે.

અને, જાણે લોકોના આશ્ચર્ય અને અવિશ્વાસ વચ્ચે શાદ્રાખ, મેશાખ અને અબેદનગોનો જોરથી ગાવાનો અવાજ બહાર આવ્યો. તેમનું ગાયન સ્વર્ગ સુધી પહોંચતું હતું.

''ઓ સૂર્ય, ચંદ્ર અને તારાઓ,
અને પૃથ્વીના બધા પવનો;
તમે સર્વ : ઘાસ અને ઝાકળ બિંદુઓ,
પૃથ્વી પરનાં ફૂલો,
પહાડો અને ટેકરીઓ;
તમે બધાં પ્રાણીઓ
અને પાણીમાં ફરતી માછલીઓ,
તમે હવામાં ઊડતાં પક્ષીઓ,
પ્રભુની સ્તુતિ કરો.
ઓ સર્વ સમુદ્રો અને નદીઓ,

અંધકાર અને પ્રકાશ,

ગર્જના અને વીજળી,

બરફ અને ઠંડી,

રૂ જેવો બરફ અને કઠણ બરફ,

અગ્નિ અને જવાળાઓ

તમે ઝરણાંઓ, તમે પણ

પ્રભુની સ્તુતિ કરો.

ઓ, તમે મનુષ્ય પુત્રો,

પ્રભુની સ્તુતિ કરો.

દેવોના દેવનો આભાર માનો.

તેની કૃપા સર્વકાળ ટકે છે.''

રાજાએ તે સાંભળ્યું અને તેને ઊંડી અસર થઈ.

તે ભવ્ય સિંહાસન પાસે ઊભો થયો.

તેણે તેમને બોલાવ્યા, ''શાદ્રાખ, મેશાખ અને અબેદનગો, તમે પરમ ઊંચામાં રહેતા પ્રભુના સેવકો છો. અહીં મારી નજીક આવો. તમારા ઈશ્વરની સ્તુતિ થાઓ. હું બીજા કોઈ ઈશ્વરને જાણતો નથી કે તે આવો ચમત્કાર કરી શકે. હું, પણ, તેની સ્તુતિ કરીશ. તેનાં

ગુણગાન કરીશ.''

ખાલી હાથે, શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો રાજાની આગળ આવ્યા.

લોકો તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. તેઓ તેમનાં વસ્ત્રોને અને તેમની ચામડીને સ્પર્શતા હતા.

''આ તો ચમત્કાર છે. તેને તાર્કિક દલીલોથી સમજાવી ન શકાય.''

નબૂખાદનેસ્સાર કહ્યું, ''તેમને એકલા છોડો.''

જે બન્યું હતું તે પછી શબ્દો બોલવાની કોઈ જરૂર ન હતી.

ઉત્સવોના આરંભે જેમણે રાજ - આજ્ઞાથી છડી પોકારી હતી તે સંદેશાવાહકો ફરીથી નીકળ્યા.

રાજાએ પોતાની આજ્ઞાનો ઢંઢેરો, જે વિધિઓની શરૂઆતે પિટાવેલો, તે ફરી એકવાર મોકલવામાં આવ્યો.

નબૂખાદનેસ્સારે કહ્યું, ''મારા આખા રાજ્યમાં આ સમાચાર જણાવવામાં આવે.''

''શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો બેબિલોનના વહીવટી અધિકારીઓ તરીકે પાછા નીમાયા છે. જે કોઈ યહૂદી કેદીઓના ઈશ્વરની મશ્કરી કરશે કે ભૂંડું બોલશે

તેને સખત સજા કરવામાં આવશે.''

હલકા પડેલા અને ગુસ્સે થયેલા વિદ્વાનો અને જ્યોતિષીઓ ઊભી પૂંછડીએ ભાગી ગયા હતા.

# ૪

નબૂખાદનેસ્સારે યહૂદા જીત્યાને નવ વર્ષો પસાર થઈ ગયાં. નવ વર્ષોથી દાનિયેલ બેબિલોનમાં રહેતો હતો.

તે યહૂદામાં પાછળ રહેલા પોતાના લોકોને કદી ભૂલ્યો ન હતો. નબૂખાદનેસ્સારે તેમની પર સૂબાઓ અને નિરીક્ષકો મૂક્યા હતા. તેણે તેમને રાજા આપ્યો હતો. તે રાજા સિદકિયાહ કહેવાતો હતો.

હવે સિદકિયાહે બેબિલોનના રાજાને વફાદાર અને આજ્ઞાધીન રહેવાનું વચન આપ્યું હતું. પરંતુ તેણે છૂપી રીતે ઈજિપ્તના રાજા સાથે સંધિ કરી હતી. ઈજિપ્તની સહાયથી તે બેબિલોન જીતી લેવા અને નબૂખાદનેસ્સારને મારી નાખવાની આશા રાખતો હતો. તે યિર્મેયા પ્રબોધકે આપેલ ચેતવણી પર ધ્યાન આપતો ન હતો.

પણ તેની યોજના નિષ્ફળ ગઈ.

બે રાજાઓ ભેગા થઈ લશ્કર ઊભું કરે તે પહેલાં નબૂખાદનેસ્સારને યોજનાની ખબર પડી ગઈ.

તેના ગુસ્સાની કોઈ હદ ન રહી.

''મેં મારી પ્રજા સાથે ઘણો માયાળુ વર્તાવ રાખ્યો છે. પણ હવે હું દયા દેખાડીશ નહિ,'' તે ગુસ્સામાં બોલ્યો.

બીજીવાર તેણે વિશાળ લશ્કરની આગેવાની લઈ યહૂદા સામે કૂચ કરી. તેણે તેના સૈનિકોને હુકમ કર્યો હતો, ''કશાને કે કોઈને તમે છોડશો નહિ.''

ગામડાંમાં અને શહેરોમાં તેઓ ખૂબ ક્રૂરતાથી વર્ત્યા. હજારો લોકો માર્યા ગયા અને હજારો લોકોને ગુલામ તરીકે લઈ જવામાં આવ્યા. સિદકિયાહે યરુશાલેમનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો. પણ નબૂખાદનેસ્સારના લશ્કરે શહેરને ઘેરો ઘાલ્યો. એક વર્ષ પછી યહૂદી સૈનિકોને ભૂખને કારણે શરણે જવાની ફરજ પડી.

નબૂખાદનેસ્સારે તેની ધમકીનો બરાબર અમલ કર્યો. તેના સૈનિકોએ શહેરમાં ફરી લૂંટ ચલાવી, ખૂનો કર્યાં અને બધું બાળી મૂક્યું. દેવદારનાં લાકડાંથી બંધાયેલું મંદિર, રાજાનો મહેલ અને તેના ઉમરાવોનાં ઘરો બાળી નાખ્યાં. સિદકિયાહ પોતાનાં બાળકોને મારી નંખાતાં જોઈ રહ્યો. યહૂદાના રાજાને બંદી બનાવી બેબિલોન લઈ ગયા.



ત્યાં તેને બંદીખાનામાં પૂર્યો. તેની આંખો ફોડી નાખવામાં આવી. તેના છેલ્લા દિવસોમાં તે બેબિલોનના બળ સામે બળવો કરવા બદલ પસ્તાવા લાગ્યો.

જ્યારે બેબિલોનના સૈનિકો યરુશાલેમ છોડી ગયા ત્યારે ત્યાં ફક્ત મકાનોના ભંગારના ઢગલા હતા. આખા દિવસ દરમ્યાન ધુમાડાનાં કાળાં વાદળો આકાશમાં ઊંચે ચઢયાં હતાં.

ખાલી ગલીઓમાં અને પત્થરોના ઢગલા વચ્ચે અને શહેરના કાટમાળના ઢગલાઓ વચ્ચે એક માણસ ચાલ્યો જતો હતો. તે લાકડીના ટેકે નમીને ચાલતો હતો. તેનો ચહેરો ધુમાડાથી કાળો પડી ગયો હતો. તેની શક્તિ ખૂટવા આવી હતી. છતાં પણ તે અટક્યા વગર મરતાં માણસોને દિલાસો આપતો હતો અને ઘાયલ થયેલાંને શોધતો હતો.

તે પ્રબોધક યિર્મેયા હતો.

નબૂખાદનેસ્સારે તેના સૈનિકોને આજ્ઞા કરી હતી, ''યિર્મેયાને કશું નુકસાન કરશો નહિ, તેની સંભાળ લેજો.''

શહેરના દશ્યથી યિર્મેયાનું હૃદય દુઃખથી ભરાઈ ગયું. યરુશાલેમ વિષેની તેની ભવિષ્યવાણી સાચી પડી હતી. તે મોટેથી રડવા અને વિલાપ કરવા લાગ્યો :

''ઓ યરુશાલેમ,

હું કોની સાથે તારી સરખામણી કરું ?

શેરીઓ સૂની પડી છે.

તેમાં કોઈની અવરજવર નથી.

તારો વિનાશ સમુદ્ર જેવો મોટો છે.

કોણ તારા ઘા રૂઝવે ?

યહૂદિયાને બંદીવાસમાં લઈ ગયા છે.

તેનો બંદીવાસ ત્રાસજનક છે.

એ માટે હું રડું છું.

હવે વૃધ્ધ માણસો મુખ્ય દરવાજે બેસતા નથી.

જુવાન માણસો હવે વાંસળી વગાડતા નથી.

અમારાં હ્રદયોનો આનંદ બંધ પડયો છે.

અમારું નૃત્ય વિલાપમાં ફેરવાઈ ગયું છે.''

ફરી એકવાર બચી ગયેલાંનો મોટો સમૂહ બેબિલોનમાં લઈ જવાયો હતો. તેઓ લગભગ ૧૦,૦૦૦ હતા. તેમાં પૈસાદાર શહેરીઓ, કારીગરો અને મજૂરો હતા.

બંધાં સ્થળોએ દાનિયેલને તેઓ દેખાતા : ખેતરોમાં, કારખાનાંઓમાં અને મકાનો બાંધવાના સ્થળો પર. મોટા

ભાગનાને ગુલામોનું હલકું કામ કરવું પડતું.

તેમને જોઈ દાનિયેલ દુઃખી થઈ જતો.

તેના ઘણા દેશબાંધવો તેના પર વિશ્વાસ કરતા ન હતા.

તેઓ ધીમેથી બોલતા હતા, ''તે રાજાનો મિત્ર છે. તેની સાથે સારો વ્યવહાર રાખવામાં આવે છે.''

દાનિયેલ તેઓની કડવાશ સમજી શકતો.

શક્ય હોય ત્યાં, તે તેઓની મુશ્કેલીઓ દૂર કરવા કે સરળ બનાવવા પ્રયત્ન કરતો.

દિવસનું કાર્ય પૂરું કર્યા પછી તેઓ નદી કિનારે સરૂના ઝાડ નીચે ભેગા થતા. તેઓ પોતાના વતનને યાદ કરતા.

બેબિલોનના લોકો તેમની સાથે જોડાતા. તેઓ વિનંતી કરતા, ''તમારાં થોડાં ગીતો અમને ગાઈ સંભળાવો. તેઓ અમને અપરિચિત અને સુંદર લાગે છે.''

પણ યહૂદી ગુલામો તેમનાં માથાં નકારમાં હલાવતા.

તેઓ જવાબ આપતા, ''અમે આનંદનાં ગીતો કેવી રીતે ગાઈ શકીએ ? અમારી વીણાઓના તાર તૂટી ગયા છે. તેથી તેઓ સરૂના ઝડ પર લટકે છે.''

''આપણે ઘેર પાછા ક્યારે જઈશું ? કેટલા સમય સુધી

આપણે ગુલામો બની રહેવું પડશે ?'' તેઓ દાનિયેલને વારંવાર પૂછતા.

''હા, કેટલા સમય સુધી ?''

''ફક્ત ઈશ્વર જ તે જાણે છે.'' તે જવાબ આપતો, પણ તેનું હૃદય પ્રશ્નો અને શંકાથી ભરાઈ જતું.

જ્યારથી તેના મિત્રો બેબિલોનના રાજ્ય પર કારભાર ચલાવતા હતા, ત્યારથી દાનિયેલ રાજાએ તેમને આપેલા ઘરમાં એકલો રહેતો હતો.

એક દિવસ તેના નોકરે તેને કહ્યું, ''માલિક, બહાર કોઈ માણસ છે. તે ઘણે દૂરથી આવેલા જણાય છે અને તે ફક્ત તમારી સાથે જ વાત કરશે.''

દાનિયેલે કહ્યું, ''તેને અંદર લઈ આવ.''

અજાણ્યો માણસ થાકેલો હતો. તેનાં કપડાં ધૂળથી ખરડાયેલાં હતાં.

તેણે દાનિયેલની આગળ ઓળિયું ધર્યું.

દાનિયેલે પૂછ્યું, ''તું ક્યાંથી આવે છે ?''

''યરુશાલેમનાં ખંડિયેરોમાંથી, યિર્મેયાએ મને મોકલ્યો છે.''

''યિર્મેયા !''



ઉતાવળે દાનિયેલે ઓળિયું ખોલ્યું.

તેના હાથ ધ્રૂજવા લાગ્યા.

યિર્મેયાએ લખ્યું હતું, ''ઈશ્વર મારી સાથે બોલ્યો છે. ગુલામી હજી બીજાં ૫૦ વર્ષ સુધી રહેશે. તે લાંબો સમય છે. પણ ઈશ્વર તમને તજી દેશે નહિ. પણ તમારું ભવિષ્ય ભૂલશો નહિ, ઘરો બાંધો અને બગીચાઓ બનાવો. સખત પરિશ્રમ કરો અને તમે સારી પ્રગતિ કરશો, પરદેશમાં પણ.''

દાનિયેલ જાણતો હતો કે આ શબ્દોનો શો અર્થ છે. તે શબ્દો તેના પોતાના માટે પણ હતા.

તેણે કેદીઓની સંભાળ પહેલાં કરતાં વધુ સારી રીતે રાખવાનું, તેમની સગવડો સાચવવાનું અને મદદ કરવાનું નક્કી કર્યું. લોકો પોતાનાં બાળકોને યહૂદિયાના પોતાના વતન વિષે કહેવામાં થાકે નહિ. ઈશ્વર તેમનાં હૃદયોમાં જીવતો રહેવો જોઈએ.

સંદેશવાહક હજી દાનિયેલની આગળ જ ઊભો હતો. તે દાનિયેલના વિચારોમાં ખલેલ પાડવા ઇચ્છતો ન હતો. છેવટે દાનિયેલે ઓળિયું વિંટાળી દીધું.

તેણે પેલા સંદેશવાહકને કહ્યું, ''જા અને આરામ કર.



મારો નોકર તારી સંભાળ લેશે.''

દાનિયેલ પોતાની રૂમમાં ગયો. તેણે તેના ખજાનાની પેટી ઉઘાડી. તેમાં એક છોકરાનાં ફાટેલાં વસ્ત્રો હતાં - તે યરુશાલેમથી ગુલામ થઈ આવ્યો ત્યારે તે તેણે પહેર્યાં હતાં; ચામડાનો ચાંદીના બક્કલવાળો કમરબંધ, તે તેના પિતાએ તેને લાવી આપ્યો હતો. કોઈએ નાની વીણા પોતાના વતનમાંથી લાવીને તેને આપી હતી. એક નાનો, ગોળ અને ઘાઈને લીસો બનેલો પત્થર, તે ખીણમાંથી લાવેલો. જેનો ઉપયોગ ઘેટાપાળકમાંથી રાજા બનેલા દાવિદે એકવાર રાક્ષસ જેવા ગોલિયાથ સામે લડવા કર્યો હતો. દાનિયેલ આ સાદા ખજાના તરફ જોઈને હસ્યો. આ ખજાનામાં તેણે આ ઓળિયું મૂક્યું.

તેણે પ્રાર્થના કરી, ''ઓ પ્રભુ, મને બળ આપ. મારું આખું જીવન તારું છે.''

યહૂદી બળવાખોરો સામેનો નબૂખાદનેસ્સારનો ક્રોધ હવે શાંત પડયો હતો. તેને મોટી જીત મળી હતી.

હવે દેશમાં શાંતિ હતી.

યહૂદિયાના ઘણા કેદીઓ રાજાને ખૂબ ઉપયોગી બન્યા હતા.



રાજાએ કહ્યું, ''બેબિલોન શહેરને દુનિયામાં સૌથી મોટું અને સૌથી વધુ સુંદર બનાવવાની મને ઈચ્છા છે.''

આ માટે તેને કારીગરોની જરૂર હતી.

નવા મહેલો અને મંદિરો ઊભાં થવા લાગ્યાં. તેના કિલ્લાની નજીકમાં તેણે ઝૂલતા બગીચા બનાવડાવ્યા. તેઓ હવામાં તરતા હોય તેવા દેખાતા. લોકો તેને ''ઝૂલતા બગીચાઓ'' કહેતા હતા.

પહોળી, સીધી શેરીઓ ઉપર ભવ્ય કમાનો હતી. નીચે ચાલતા પરદેશીઓ આ જોઈ આશ્ચર્યચકિત થતા. દુનિયામાં બીજા કોઈ પણ શહેરમાં આટલો બધો વેપાર ચાલતો ન હતો. બીજા કોઈ શહેરમાં આટલા બધા ઉત્સવો ઉજવાતા ન હતા.

શહેરની આસપાસના બેવડા કોટ મજબૂત મિનારાઓથી સજ્જ કરવામાં આવ્યા હતા.

તેના મહેલના સૌથી ઊંચા મિનારા પર ઊભા રહી નબૂખાદનેસ્સારે વિજયના કેફમાં કહ્યું, ''હવે મને કોઈ નુકસાન કરી શકે તેમ નથી. મારું બળ દેવોના બળ જેવું મોટું છે.''

''મારું બળ દેવોના બળ જેવું મહાન છે.'' એમ કહેતાં



નબૂખાદનેસ્સાર શું એ ભૂલી ગયો હતો કે ભડભડ બળતી ભઠ્ઠીમાંથી ચમત્કારિક બચાવ કરનાર એક દેવ છે ?

દાનિયેલે રાજાને એ યાદ કરાવ્યું, ત્યારે તેણે આજ્ઞા કરી, ‘‘છાનો રહે, તું તારા અદશ્ય ઈશ્વરની પ્રાર્થના કર; પણ મને શાંતિમાં રહેવા દે. કદી ડરીશ નહિ; કારણ કે, તે મારે માટે જે કર્યું છે તે હું કદી ભૂલી જઈશ નહિ.’’

પણ એક દિવસ જ્યારે દાનિયેલ રાજાને મળ્યો ત્યારે તે વિચારોમાં ઊંડો ડૂબી ગયો હતો.

‘‘મારા રાજા, તમે શાની ચિંતામાં છો ?’’

નબૂખાદનેસ્સારે દાનિયેલને કહ્યું, ‘‘મેં તને મારા વિદ્વાનો અને જ્યોતિષીઓનો મુખ્ય બનાવ્યો છે. હું તને મારું સ્વપ્ન કહીશ. તેનો અર્થ તું મને કહે. મેં એક મોટું વિશાળ ઝાડ જોયું, જેને માણસનું હૃદય હતું. તે આકાશને અડતું હતું. તેની ડાળીઓ આખી પૃથ્વી પર ફેલાયેલી હતી. તે સુંદર ડાળીઓ હતી. તે ફળથી લચી પડતી. દુનિયાનાં બધાં પ્રાણીઓ તેની છાયામાં બેસતાં હતાં. પક્ષીઓ તેની ડાળીઓમાં રહેતાં હતાં. પછી, ઓચિંતો આકાશમાંથી એક દૂત આવ્યો અને તેણે હુકમ કર્યો કે, ‘આ ઝાડને કાપી નાખો; તેની ડાળીઓને ઉડાવી દો.’ ત્યારે પ્રાણીઓ ભાગી ગયાં અને પક્ષીઓ ઊડી ગયાં. દૂતે

કહ્યું, એકલું થડ જ રહેવા દો. તેને લોખંડની સાંકળથી બાંધો અને તેના હૃદયને તેની પાસેથી લઈ લો, અને સાત મહિના સુધી તેને પ્રાણીની જેમ રાખો.'''

દાનિયેલે દુઃખી થઈ કહ્યું, ''ઓ મારા રાજા, જો આ સ્વપ્ન ફક્ત તમારા કોઈ દુશ્મનનું હોત, તમારું ન હોત, તો કેવું સારું થાત !''

રાજા ગભરાયો.

તેણે કહ્યું, ''બોલ, સ્વપ્નનો ઉકેલ કે અર્થ કહે. હું સત્યથી ડરતો નથી.''

દાનિયેલે કહ્યું, ''મારા રાજા, તમે એ ઝાડ છો. તમે મહાન અને શક્તિશાળી છો, અને તમારો અધિકાર દુનિયાના છેડા સુધી પથરાયેલો છે. પણ ઈશ્વર તમને એ જણાવવા માગે છે કે તમારી શક્તિ કરતાં તેની શક્તિ ઘણી વધારે છે. તે તમારી કસોટી કરશે. તમે ભયંકર માંદગીમાં સપડાવાના છો.''

દાનિયેલના શબ્દો સાચા પડયા.

નબૂખાદનેસ્સારના વિચારો ધૂંધળા થવા લાગ્યા. તેના મુખમાંથી ફક્ત અસંગત શબ્દો નીકળવા લાગ્યા. તેની આંખોમાં ગાંડપણની ચમક દેકાવા લાગી.

વૈદોએ અને ભૂવાઓએ કહ્યું, ‘‘તેમના શરીરમાં અશુધ્ધ આત્માએ પ્રવેશ કર્યો છે. અમે કંઈ જ કરી શકતા નથી.’’

એક સવારે રાજા મહેલમાંથી અદશ્ય થઈ ગયો. લોકોએ તેને ભૂતની જેમ જંગલો અને ખેતરોમાં રખડતો જોયો. તેણે પશુઓની જેમ ઘાસ અને કંદમૂળ ખાધાં. તે ઝાડ નીચે અને ગુફાઓમાં સૂતો.

તેનો એકવારનો ભવ્ય ઝભ્ભો ચીંથરાંની જેમ તેના શરીર પર લટકતો. તેના વાળ ગરૂડનાં પીછાં જેવા થઈ ગયા. તેના હાથપગના નખો પક્ષીઓના નહોર જેવા થઈ ગયા. તેનો દેખાવ જોઈ લોકો ભયભીત થઈ ભાગી જતા.

તેનો દીકરો બેલશાસાર રાજ્ય કરવા લાગ્યો. જો તેનું ચાલત તો તેણે પોતાને ક્યારનોયે રાજા તરીકે જાહેર કર્યો હોત.

પ્રધાનો પણ કહેતા કે, ‘‘રાજા વગરનો દેશ હોય તે ખરાબ છે.’’ દાનિયેલે તેમને આ પગલું લેવા સામે ચેતવણી આપી.

‘‘રાજા મરી નથી ગયા પણ તે માંદા પડયા છે.’’

બેલશાસારે કહ્યું, ‘‘આ રીતે વાત કરવાની યહૂદાના

ગુલામની હિંમત કેવી રીતે ચાલી છે ?''

તેણે દાનિયેલ તરફ તિરસ્કારથી જોયું.

પણ દાનિયેલે તે વાતમાં નમતું જોખ્યું નહિ; કારણ, તે રાજાનું સ્વપ્ન ભૂલી ગયો ન હતો.

''જમીનમાં નાખેલાં મૂળવાળા થડને રહેવા દેજો; તેને લોખંડની સાંકળોથી બાંધજો, તેનું માનવી હૃદય લઈ લેવામાં આવે અને સાત મહિના માટે તે પશુ જેવું જીવન જીવે.''

દાનિયેલને ખબર હતી કે રાજા પાછો આવશે.

રાજા પાછો ફર્યો. તે પોતાની જૂની ફરજો બજાવવા લાગ્યો. થોડું થોડું બોલી તેણે પોતાનાં કામ કરી શરૂ કર્યાં. તેની આંખો સ્વચ્છ અને ચહેરો ફિક્કો હતો. બેલશાસાર અને પ્રધાનોની આંખો ખૂબ શરમથી ઝૂકી ગઈ.

રાજા ફરીથી સાજો થયો.

''રાજા ઘણું જીવો ! નબૂખાદનેસ્સાર ઘણું જીવો !''

મહેલના કોટની બહાર આવા ઊંચા અવાજો વારંવાર આવતા હતા.

લોકોને તેમના રાજાને જોવાની ઇચ્છા થઈ. મહેલની આગળનો મોટો ચોક માણસોનાં ટોળાંથી ભરાઈ ગયો.

નબૂખાદનેસ્સારે બારીમાં આવીને દર્શન આપ્યું.

તે હસ્યો અને લોકો તરફ પોતાના હાથ હલાવ્યા.

ચોકમાં રાહતનો અવાજ પ્રસરી રહ્યો.

દાનિયેલ રાજાની બાજુમાં ઊભો હતો.

રાજાએ શાંતિથી કહ્યું, ''દાનિયેલ, હવે હું જાણું છું કે ફક્ત એક જ દેવ છે અને તેના વગર બીજા કોઈ દેવ નથી. મને સંતોષ છે કે હું હવે નમ્ર બન્યો છું. મને શાંતિ મળી છે. હવેથી હું તે ઈશ્વરની ભક્તિ કરીશ.''



# ૫

માંદગીમાંથી સાજા થયા બાદ નબૂખાદનેસ્સારે બીજાં દશ વર્ષ રાજ કર્યું. તે સુખ અને શાંતિનાં વરસો હતાં. એકલા બેબિલોન માટે જ નહિ, પણ યહૂદાના કેદીઓ માટે પણ. રાજાએ તેમને રહેવા માટે ઘરો બાંધવાનો હુકમ કર્યો અને બગીચા પણ બનાવ્યા. મહેનતુ કારીગરો અને કુશળ વેપારીઓની બેબિલોનના લોકોએ કદર કરી.

યિર્મેયાએ જે લખ્યું હતું તે પ્રમાણે જ બન્યું.

પછી નબૂખાદનેસ્સારના મરણથી લોકોને ભારે આઘાત લાગ્યો. તેઓને ખૂબ દુઃખ થયું. નબૂખાદનેસ્સાર, મહાન રાજા, મૃત્યુ પામ્યો હતો !

લોકો દુઃખી અને બેચેન બની શેરીઓમાં ટોળે મળ્યા. માણસો વિલાપ કરતા હતા. સૈનિકો રાજાના

મૃતદેહ રાખેલી પત્થરની શબપેટી આગળ કવાયત કરતા પસાર થયા.

દાનિયેલે પણ રાજાના મૃત્યુનો શોક પ્રગટ કર્યો.

''ઈશ્વરની શક્તિનો પ્રથમ પરિચય તારા દ્વારા મને થયો હતો. દાનિયેલ, મેં તને મારા પોતાના પુત્રની જેમ ચાહ્યો હતો.'' દાનિયેલે સાંભળેલા નબૂખાદનેસ્સારના આ છેલ્લા શબ્દો હતા.

દાનિયેલ હવે જુવાન રહ્યો ન હતો. દાનિયેલ બેબિલોનના દરબારમાં પાંત્રીસ વર્ષ રહ્યો હતો. તેને ચાહનારા ઘણાં માણસો મૃત્યુ પામ્યાં હતાં. તેઓમાં રાજાનો મુખ્ય હજૂરિયો આસ્પનાઝ, અને રાજાના રક્ષકોનો સરદાર આરીઓખ પણ હતા.

દાનિયેલ યિર્મેયાએ મોકલેલું ઓળિયું અને તેના ભવિષ્યકથન પર વિચાર કરવા લાગ્યો.

યિર્મેયાના મૃત્યુના સમાચાર મિસરમાંથી આવ્યા હતા.

નબૂખાદનેસ્સારનું સ્વપ્ન : સોનાના માથાવાળી પ્રતિમા, અને લોખંડ અને માટીના તેના પગ સાચું પડયું હતું. બેબિલોનનું સામ્રાજ્ય દર વર્ષે વધુને વધુ નબળું પડતું ગયું. નબૂખાદનેસ્સારનો સૌથી મોટો પુત્ર બેલશાસાર



રાજ-કારભારમાં બેદરકાર હતો. તેના દેશના લોકોના રક્ષણ અને સુખાકારી માટે તે કાળજી લેતો ન હતો. તેને બદલે, તેની ઉડાઉ ઉજવણીઓ અને મિજબાનીઓ વિષે પરદેશમાં ઝડપથી સમાચાર ફેલાઈ ગયા. ફરીવાર સોના, રૂપા, પત્થર અને લાકડાના બનાવેલા દેવોની પૂજા થવા લાગી. તેમનાં મંદિરો ફરી બાંધવામાં આવ્યાં.

યહૂદી કેદીઓને થોડા સમયમાં જ બેલશાસારની સખ્તાઈનો અનુભવ થયો. તેણે કહ્યું, ''નબૂખાદનેસ્સારને યહૂદીઓએ આ અદશ્ય દેવ વિષે આડે પાટે ચઢાવી દીધેલા. તેઓની સાથે રાજા ઉદારપણે વર્ત્યા હતા.''

શાદ્રાખ, મેશાખ અને અબેદનેગો રાજાની સતાવણીથી બાલબાલ બચ્યા હતા.

તેમણે દાનિયેલનો આશરો લીધો.

તેમણે તેને સલાહ આપી, ''નાસી જા, બેલશાસારને કોઈ તારી હયાતીની યાદ અપાવે તે પહેલાં તું દેશમાં કોઈ જગાએ જઈ સંતાઈ જા.''

દાનિયેલે તેમને શાંત પાડયા.

''જ્યારે આપણે ઈશ્વર પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે તે શું આપણને કદી પણ તજી દે છે ? હું નાસી જવાનો નથી.

આપણે અહીં જ રહેવું જોઈએ. ખરાબ સમય થોડા વખતમાં પૂરો થશે. તમારે મને મદદ કરવી જોઈએ. આપણા કેદી મિત્રોને પહેલાં કરતાં અત્યારે આપણી વધારે જરૂર છે. તેમની પાસે જાવ. તેમણે ભૂલી ન જવું જોઈએ કે, ઈશ્વર આપણને ચાહે છે; જો કે તેણે આપણને લાંબી ગુલામીની સજા કરી છે, પણ તે તેમને હિંમત આપો.''

દાનિયેલના આવા શબ્દોથી તેમને બળ મળ્યું. ત્રણે જણ બહાર નીકળી પડયા. બેલશાસારે તેમને બેબિલોનના કારભારીઓ તરીકે છૂટા કર્યા હતા. પણ ઈશ્વરે હવે તેમને વધુ મોટી સેવા માટે પસંદ કર્યા હતા.

રાજાના મહેલમાં એક મોટી મિજબાની ચાલતી હતી. બેલશાસારે ૧૦૦૦ મિત્રોને આમંત્રણ આપ્યાં હતાં. તેમાં સૂબાઓ, દરબારીઓ, મુખ્ય અધિકારીઓ, યોદ્ધાઓ અને ધર્મગુરુઓ હતા.

મીણબત્તી અને મશાલોના પ્રકાશમાં રંગીન ઝભ્ભા ચમકતા હતા. કિંમતી રત્નો પણ હતાં અને તે ઝગારા મારતા હતાં.

વાજિંત્રવાદકો તેમનાં વાજિંત્રો વગાડતા હતા. નૃત્યકારો નૃત્ય કરી મહેમાનોને મનોરંજન પૂરું પાડતા હતા.



નોકરો ભૂંજેલું માંસ, મચ્છી, મરઘી અને શાકભાજીની મોટી તાસકો લઈ જતા. બીજા નોકરો મોટાં વાસણોમાં કિંમતી દારૂ પીરસતા. તાજાં ફળોના ઢગલા અને મિઠાઈઓના થાળની ટેબલો પર લાઈનો કરેલી હતી.

બેલશાસાર તેની ખુરશીમાં માંડમાંડ ટટ્ટાર બેસી શકતો. પોતાની ચમકતી આંખોથી પોતાના પૂરા ભરેલા પ્યાલાને નિહાળી રહ્યો.

''યહૂદીઓ મને હવે સારી રીતે ઓળખશે. હું તેમનાં લોહીથી મારો હુકમ લખીશ,'' તે બબડયો.

''બેલશાસારનો જય હો ! જય હો ! જય હો ! મહેમાનો પોકારી ઊઠયા. તેઓના પોકારોથી રાજાને ઈશ્વરનિંદા કરવાની પ્રેરણા મળી.''

''મને કહો, આ અદશ્ય દેવ કોણ છે ? અહીં આવ, હે યહૂદાના ઈશ્વર, મને તારાં દર્શન કરવા દે. શું તું હવાનો બનેલો છે ? અહીં આવ અને મને તારું બળ બતાવ.''

''બેલશાસારનો જય હો ! જય હો ! જય હો ! અમારા દેવો જ ખરા દેવો છે,'' મહેમાનોએ પ્રત્યુત્તર આપ્યો.

રાજા ખડખડાટ હસ્યો.

''શું આપણા ભંડારો યરુશાલેમના મંદિરના

ઝવેરાતથી ભરપૂર નથી ? હા, ખજાનાને અહીં મારી પાસે લાવો, સોનાની મીણબત્તી મૂકવાની દીવીઓ, પ્યાલાઓ, કટોરાઓ. આપણે તેમાં દારૂ પીએ !''

ખજાનાનો ઘરડો ચોકીદાર ઝાંખો પડી ગયો.

''શું તે પવિત્ર વાસણો નથી ? નબૂખાદનેસ્સારે આ દેવને માન આપવાનું આપણને શીખવ્યું નથી ?''

''તું શાની રાહ જોઈ રહ્યો છે ?'' બેલશાસાર તેની તરફ તાડૂક્યો. ''એકદમ તે ખજાનાનાં વાસણો અહીં લઈ આવ.''

બે નોકરો સુંદર કોતરણી ભરપૂર વાસણો મોટી તાસકમાં મૂકીને લાવ્યા. રાજાએ આજ્ઞા કરી, ''તેમને અહીં મેજ પર મૂકો.''

તેણે પોતાના હાથથી તે વાસણોમાં દારૂ ભર્યો.

શું થયું કે અર્ધો દારૂ બહાર ઢોળાઈ ગયો ?

તે દારૂ ભરેલા સોનાના પ્યાલાને પકડી ઊંચો કરનાર પ્રથમ રાજા પોતે હતો.

તેણે મજાકમાં મોટેથી કહ્યું, ''આપણા ગુલામોના અદશ્ય દેવનો જય હો ! આવો, આપણે બધા......''

તે બોલતો અધવચ્ચે અટક્યો.



તેનો ચહેરો વિકૃત બની ગયો. તેની આંખો દીવાલ પર તાકી રહી. તેના મહેમાનો પણ ભયથી તેની આંખોની દિશા તરફ જોવા લાગ્યા.

કોઈ અદશ્ય હાથ આંગળીઓ વડે સામેની દીવાલ પર મોટા અક્ષરે ધીમેથી લખી રહ્યો હતો.

અક્ષરોમાંથી શબ્દો બન્યા. કોણ તેમને વાંચી શકે ? તે પરદેશી ભાષામાં લખેલા હતા. રાજા તેની ખુરશીમાં ઢગલો થઈ પડયો રહ્યો. તે ધ્રૂજવા લાગ્યો.

સ્મશાનશાંતિમાં તે ગણગણ્યો, ‘‘તે શું છે ?’’

‘‘શું તે દારૂ પીવાથી ગાંડો થઈ ગયો હતો ? શું તે ફક્ત ભૂતનું કાર્ય છે, કે આંખની ભ્રમણા છે ?’’

ના, તદ્દન સ્પષ્ટ અને સાચા શબ્દો દીવાલ પર લખેલા હતા.

‘‘મેને મેને તેકેલ પારસીન.’’

રાજાએ હુકમ છોડયો, ‘‘વિદ્વાનો અને જ્યોતિષીઓને પકડી લાવો. તેઓ આ લખાણ વાંચે અને મને તેનો અર્થ કહે.’’ તેનો અવાજ અટકી ગયો.

તે ધીમેથી ગણગણ્યો, ‘‘જાઓ ! તેમને જગાડો ! ઉતાવળ કરો !’’

વિદ્વાનો અને જ્યોતિષીઓ દીવાલ પરના લખાણ સામે તાકી રહ્યા. તેઓ મૂંઝાયા.

‘‘જે આ લખાણ વાંચી શકશે અને તેનો અર્થ મને કહી સંભળાવશે તેને જાંબુડિયા રંગનો પોશાક પહેરાવવામાં આવશે. હું તેને સોનાની સાંકળી આપીશ અને તે રાજ્યમાં ત્રીજો વહીવટદાર બનશે,’’ રાજાએ વચન આપ્યું. પણ વિદ્વાનોમાંનો કોઈ આ કોયડો ઉકેલી શક્યો નહિ.

તેઓની આંખોમાં રાજાએ પોતાના ભયનું પ્રતિબિંબ જોયું. તેણે તેમને બહાર મોકલી દીધા. તે હતાશ થઈ આસપાસ જોઈ રહ્યો.

મીણબત્તીઓ ઝબૂકતી હતી. દીવાલ પર મોટા પડછાયા હાલતા હતા. તાસકો અને થાળીઓમાંનો ખોરાક ઠંડો થઈ રહ્યો હતો. કોઈ મહેમાને અર્ધો ખાલી થયેલો દારૂનો ગ્લાસ ફરીથી ફર્યો નહિ.

ભયથી ત્રાસ પામીને મોટા ભાગના મહેમાનો સરકી ગયા.

‘‘દાનિયેલ !’’

રાજાની માને ઓચિંતો દાનિયેલ યાદ આવ્યો.

તેણે કહ્યું, ‘‘મારા રાજા, તું વધુ ગભરા નહિ. તારા

રાજ્યમાં એક માણસને હું ઓળખું છું તે તને મદદ કરી શકે એમ છે. તેણે તારા પિતાનાં સ્વપ્નોનો અર્થ કરી બતાવ્યો હતો. તેણે રહસ્યમય શબ્દોનો અર્થ શોધી કાઢયો હતો. નબૂખાદનેસ્સારે તેને વિદ્વાનો, જ્યોતિષીઓ અને પંડિતોના વડા તરીકે નીમ્યો હતો. તેનું નામ છે દાનિયેલ. તારે તેને બોલાવવો જોઈએ !''

લાંબા સમય સુધી રાજા શાંત બેસી રહ્યો.

''દાનિયેલ !''

રાજા નબૂખાદનેસ્સારના મરણ પછી રાજાએ દાનિયેલને જોયો ન હતો. તેણે કહ્યું, ''ઘણું સારું. તેને અહીં મારી પાસે બોલાવો.''

મધરાત પછી ઘણો સમય પસાર થઈ ગયો.

દાનિયેલ ધીમેધીમે રાજાના ખેપિયાની બાજુમાં ચાલતો મહેલમાં આવ્યો. તે ગભરાતો ન હતો.

તેણે પ્રાર્થના કરી, ''મારા ઈશ્વર, મારા પર કૃપા કરો અને તમારા દુશ્મનને યોગ્ય શબ્દો કહેવા માટે મને જ્ઞાન આપો.''

રાજાએ તેને શાંત રીતે આવકાર્યો.

તેની સાથે થોડા વિશ્વાસુ નોકરો હતા.



દાનિયેલના મુખ પરનો પ્રકાશ જોઈ રાજા ગૂંચવાયો.

''દાનિયેલ, તને મારા પિતા યહૂદાથી અહીં લાવ્યા હતા. દીવાલ પરનું લખાણ તું મારે માટે વાંચ અને તેનો અર્થ કરી બતાવ. જો તું તેનો અર્થ કહેશે તો, હું તને જાંબુડિયા રંગનાં વસ્ત્રો પહેરાવીશ. હું તને સોનાની સાંકળી આપીશ અને તું મારા રાજ્યમાં ત્રીજા નંબરનો કારભારી થશે.''

દાનિયેલે ભીંત પરનું લખાણ જોયું. તેણે મેજ પર રાજાની મિજબાનીની વધેલી ચીજો અને પ્રભુના મંદિરનાં કિંમતી વાસણો જોયાં.

તેને જોઈ તેનું હૃદય દુઃખથી ભરાઈ ગયું.

તેણે રાજાને કહ્યું, ''બેલશાસાર, તમારી ભેટો તમારી પાસે રાખો અથવા બીજા કોઈને આપજો. મારે દોલત કે સત્તા જોઈતી નથી. તમારા પિતા અભિમાની અને શક્તિશાળી રાજા હતા, પણ પ્રભુ આગળ નમ્ર બન્યા. પણ તમે, બેલશાસાર, તમે તે બધું જાણો જ છો, છતાં તમે સોના, રૂપા, પત્થર અને લાકડાના દેવોની પૂજા કરવા લાગ્યા. તમે પવિત્ર વાસણોમાં દારૂ પીધો. જીવતા ઈશ્વરની નિંદા અને મશ્કરી કરી. તે જ ઈશ્વર બધાંને જીવન આપે છે. હું હવે લખાણ વાંચીશ અને તેનો અર્થ

પણ તમને કહીશ. ઈશ્વરે દીવાલ પર લખ્યું છે :

'મેને મેને તેકેલ પારસીન.'

તેનો અર્થ છે, ''મપાયા છો, મપાયા છો, તોલાયા છો, માત્ર તમને તોલવામાં આવ્યા છે અને તમારું વજન કરવામાં આવ્યું છે. તમારા રાજ્યના દિવસો ગણાઈ રહ્યા છે. પ્રભુએ તમને માણી જોયા છે અને તમે ઊણા માલૂમ પડયા છો. તમારું રાજ્ય બીજો કોઈ જીતી લેશે અને માદીઓ અને ઈરાનીઓ તેને વહેંચી લેશે.''

દાનિયેલે બોલવાનું જેવું પૂરું કર્યું કે તરત જ દીવાલ અગાઉના જેવી સફેદ બની ગઈ.

શું રાજાને તેની દારૂ પીધેલ સુસ્તીમાં આ ભયંકર ભવિષ્યકથન સમજાયું હશે ?

હવે તેણે ઘૂંટણે પડી પ્રભુ પાસે માફી ન માગવી જોઈએ ?

રાજાએ કહ્યું, ''હું મારું વચન પાળીશ. જાંબુડિયો ઝભ્ભો મારી પાસે લાવો અને સાથે સોનાની સાંકળી પણ. હું તને મારા રાજ્યનો ત્રીજો કારભારી બનાવીશ.''

નોકર રાજવી ઝભ્ભો, સાંકળી લઈને પાછો આવે તે પહેલાં દાનિયેલ અદશ્ય થઈ ગયો.



છાની રીતે તે પોતાને ઘેર પાછો ગયો.

પૂર્વમાં આકાશે કેસરી રંગ ધારણ કર્યો. થોડીવારમાં સૂર્ય ઊગશે અને તે સાથે નવો દિવસ શરૂ થશે. નવો દિવસ શું લાવશે ?

બેબિલોનના લોકો જાગ્યા.

શહેરના રક્ષકોએ, ખેડૂતો અને દુકાનદારો, ફેરિયાઓ માટે શહેરના દરવાજા ખોલી નાખ્યા હતા. તેઓનાં બે પૈડાંવાળાં ગાડાં ફૂલો, ફળો અને શાકભાજીથી ભરેલાં હતાં. ટોપલીઓમાં તાજાં ઈંડા ગોઠવીને મૂકેલાં હતાં. ઘેટાં સાંકડાં પાંજરાંઓમાં "બેં... બેં..." કરતાં હતાં.

વણકરો, કુંભારો, લુહારો અને સુથારોએ પોતાની દુકાનોનાં બારણાંઓ ખોલી નાખ્યાં.

રાજા કિલ્લાના બૂરજો અને મહેલનાં શિખરો પર ઊગતા સૂર્યનાં પ્રથમ કિરણો પડી રહ્યાં. પ્રવેશદ્વારોના રક્ષક સૈનિકો ઊંઘથી ઘેરાયેલી આંખો ચોળતા હતા. હવે તેઓ શાંતિથી આરામ લઈ શકશે. સરદાર લાંબા સમયથી અહીં આવ્યો ન હતો. કારણ, તેને રાજાની મિજબાનીમાં આમંત્રણ મળ્યું હતું.

પણ અંદરથી ઓચિંતુ બારણું ખુલ્યું. એક ઘોડેસવાર

ઝડપથી બહાર આવ્યો. તે સરદાર હતો.

તેની પાછળ સશસ્ત્ર સૈનિકો આવ્યા. રક્ષકો તેમના તરફ તાકી રહ્યા. તેમનાં મોં પડી ગયાં હતાં.

શું બન્યું હશે ?

“રાજા બેલશાસાર મૃત્યુ પામ્યા છે ! તેમના પલંગમાં કોઈએ તેમનું ખૂન કર્યું છે !”

ભયંકર જ્વાળાની જેમ આ સમાચાર આખા શહેરમાં ફેલાઈ ગયા.

ખૂની કોણ હશે ? યહૂદી કેદીઓમાંથી કોઈ એક હશે ? અથવા રાજાના પોતાના નોકરોમાંથી એક હશે ?

અથવા માદીઓ કે ઈરાનીઓમાંના કોઈ જાસૂસ હશે ? તેઓ તો રાજ્યની સરહદે રહેતા હતા. શું તેઓ આવી તક માટે લાંબા સમયથી વાટ જોતા હતા ?

કદાચ તેમના દુશ્મનોનાં સૈન્યો શહેર તરફ કૂચ પણ કરતાં આવી રહ્યાં હોય.

લોકોએ પોતાનાં મકાનોમાં પેસી જઈ બારણાં બંધ કરી દીધાં.

બજારો ખાલી થઈ ગયાં. ફૂલો સૂકાઈ ગયાં.

# ૬

સરહદ પર લડાઈ ચાલી રહી હતી. બેબિલોનનું સૈન્ય દુશ્મનોને પાછા હઠાવવા પ્રયત્ન કરતું હતું. પણ રાજા બેલશાસારના ખૂનથી સૈનિકો હતાશ બની ગયા હતા. તેઓ શા માટે લડતા હતા? તેમનો વિરોધ નબળો પડયો.

શહેરો અને ગામડાંઓ સ્વેચ્છાથી તાબે થઈ ગયાં.

પાંચ દિવસની લડાઈ પછી દુશ્મન વિજેતાઓ રાજધાનીમાં દાખલ થયા. તેમણે રાજવી કિલ્લાનો કબજો કર્યો.

તેમની લાલ ધજા મિનારાઓ પર ફરકી.

બેલશાસારનો દેહ શાહી દફનક્રિયા કર્યા વગર બગીચામાં દાટી દેવામાં આવ્યો. કોઈએ તેને માટે શોક ન કર્યો.

ઈરાનના રાજા દાર્યાવેશે પોતાના દેશમાં લખ્યું કે, "બેબિલોનના લોકોએ દુશ્મન તરીકે નહિ પણ મિત્ર અને તારણહાર તરીકે મને આવકાર્યો છે. મેં બેબિલોનની પ્રજાને ગુલામીની ઝૂંસરીમાંથી મુક્ત કરી છે. હું, દાર્યાવેશ, દુનિયાના ચોથા ભાગનો સૌથી મહાન રાજા છું." માદીઓના રાજા દાર્યાવેશ કહેવાતો. દાર્યાવેશ બીજા કરતાં વધુ શક્તિશાળી અને પ્રખ્યાત બન્યો.

રાજા દાર્યાવેશ બાસઠ વર્ષની ઉમરનો હતો.

જીતેલા મુલકનો વહીવટ તે પોતે સંભાળ્યો.

તેણે તેના પ્રધાનોને કહ્યું, "મને ૧૨૦ ડાહ્યા અને વિશ્વાસુ માણસો શોધી આપો. હું તેમને ઈલાકાઓનો વહીવટ સોંપીશ."

દાર્યાવેશે દાનિયેલ વિષે, તેનું ડહાપણ, તેની સપનાં ઉકેલવાની શક્તિ વિષે અને ગૂઢ શબ્દોના અર્થ કરવાની શક્તિ વિષે સાંભળ્યું હતું.

દીવાલ પરના લખાણને કોઈ ભૂલ્યું ન હતું. તેણે દાનિયેલને ખ્યાતિ આપી હતી. લોકો તેના વિષે માન અને પ્રેમથી બોલતા.

યહૂદાના કેદીઓ કહેતા, "ઈશ્વર તેના દ્વારા અમારી

સાથે બોલે છે. તે પ્રબોધક છે.''

દાર્યાવેશે તેને બોલાવવા સૈનિકો મોકલ્યા.

તેણે દાનિયેલ વિષે અજાયબ જેવી વાતો સાંભળી હતી. તેથી તેને મળવાની તેને ઇચ્છા હતી.

દાનિયેલ બહારની ખ્યાતિ શોધતો ન હતો. તે નવા રાજ્યકર્તા આગળ નમ્રતાથી ઊભો રહ્યો.

દાર્યાવેશને દાનિયેલની શક્તિનો અહેસાસ થયો. તેણે દાનિયેલને કહ્યું, ''તું એક ભારે કામ માથે લઈશ ?''

દાનિયેલે જવાબ આપ્યો, ''હા, જો પ્રભુની એવી ઇચ્છા હોય તો. તે શું છે ?''

''હું તને બેબિલોનના સરદારો અને ૧૨૦ સૂબાઓ પર અધિકારી તરીકે મૂકવા ઇચ્છું છું. તું મારો વાઈસરોય બનશે.''

દાનિયેલ અચંબો પામ્યો.

નબૂખાદનેસ્સારના મરણ પછી તે ફક્ત ઈશ્વર માટે અને તેના લોકો માટે જીવતો હતો. હવે તેને જે નિમણૂંક મળી હતી તે શું તેને રાજાનો બરોબરીઓ બનાવતી હતી ?

યિર્મેયા પ્રબોધકના પત્રને કારણે, દાનિયેલ જાણતો હતો કે યહૂદીઓની ગુલામીનો અંત નજીક છે. હવે યહૂદી

કેદીઓને કોઈકની જરૂર પડશે, જે રાજા સાથે તેમને માટે મધ્યસ્થી કરી શકે.

રાજા દાર્યાવેશ તેને જે મહાભારત કાર્ય સોંપવા ઈચ્છતા હતા, તે તેણે સ્વીકાર્યું. પણ થોડા સમયમાં જ તેને જણાયું કે તે કેટલું મુશ્કેલ હતું.

બેબિલોનના કેટલાક સરદારો અને સૂબાઓ કચકચ કરતા હતા, ''શું દાનિયેલ આપણા પર અધિકારી થશે?''

તેઓનાં હૃદયોને અદેખાઈ કરડી ખાતી હતી. તેઓમાંનો દરેક જણ દાનિયેલનું સ્થાન લેવા ઈચ્છતો.

તેમણે કહ્યું, ''દાર્યાવેશ રાજા તેની વિરુદ્ધ જાય તેવું કશું ખરાબ આપણે શોધી ન શકીએ?''

દાનિયેલને ખબર ન હતી કે તેના દરેક કાર્યને તેઓ ધ્યાનથી નિહાળતા હતા.

દરરોજ સવારે તે રાજાને અને પ્રધાનોને મળવા જતો. બપોર પછી તે પોતાના દેશબાંધવોની મુલાકાત લેતો. યહૂદી ધર્મગુરુઓ અને મિત્રોને મળતો. દિવસમાં ત્રણવાર તેના મકાનની બારી ઉઘાડી ઈશ્વરની પ્રાર્થના કરતો સંભળાતો હતો. તેઓ તેના વર્તનમાં કશું વાંધાજનક શોધી શક્યા નહિ.

‘‘આપણે રાજા અને તેને માટે છટકું ગોઠવવું જોઈએ,’’ એમ કહી તેમણે દાનિયેલને એવી પરિસ્થિતિમાં મૂકવા કાવતરું ઘડયું, જેમાં તેના જીવન વડે જ તેને કિંમત ચૂકવવી પડે.

એક દિવસ તેઓ દાર્યાવેશ રાજા પાસે ગયા.

‘‘હે રાજા, બધા લોકો જાણે છે કે આપ કેટલા મહાન છો, અને આમનો ન્યાય દેવોના ન્યાયની બરોબરી કરે તેનો છે,’’ ખુશામત કરતાં તેઓએ રાજાને કહ્યું.

દાર્યાવેશે પૂછયું, ‘‘તમે શું ઈચ્છો છો ?’’

‘‘અમે આમને વિનંતી કરીએ છીએ, આપ એવું ફરમાન બહાર પાડો કે ત્રીસ દિવસો સુધી કોઈપણ માણસ આપના સિવાય બીજા કોઈની ભક્તિ ન કરે. આ બાબતથી લોકોના વિશ્વાસની કસોટી થશે.’’

સરદારોમાંના એકે રાજાની આગળ એક લખેલી તકતી રજૂ કરી. તેણે કહ્યું, ‘‘અમે ફરમાન લખી લાવ્યા છીએ.’’

‘‘૩૦ દિવસ સુધી કોઈપણ વ્યક્તિ રાજા સિવાય કોઈ દેવની કે માણસની ભક્તિ ન કરે. જે કોઈ આ ફરમાનને આધીન થવામાં નિષ્ફળ જાય તો તેને સિંહોની ગુફામાં



નાખી દેવામાં આવશે.'' દાર્યાવેશે પોતાનું નામ લખવાનું જ બાકી હતું.

રાજાએ પોતાની કલમ શોધતાં કહ્યું, ''એમ જ હોય. હું તમારા ફરમાન પર સહી કરીશ.''

તેઓના ખુશામતિયા શબ્દોથી રાજા છેતરાયો. સરદારો અને સૂબાઓ ખુશખુશાલ થઈ ગયા.

રાજા તેમની જાળમાં ફસાયો, તેની સહીવાળું ફરમાન કાયદા મુજબ કદી રદ ન થઈ શકે.

ફરમાન આખા રાજ્યમાં જાહેર કરવામાં આવ્યું.

દાનિયેલે વિચાર્યું, ''આ કેવું વિચિત્ર ફરમાન છે ?'' પણ તેને કોઈ શંકા ન પડી. તેને જરા સરખો પણ ખ્યાલ ન હતો કે આ ફરમાન ફક્ત તેને માટે જ હતું. સરદારો અને સૂબાઓ તેના જીવના તરસ્યા બન્યા હતા.

જ્યારે દાનિયેલે યરુશાલેમ તરફ મોં ફેરવતો ત્યારે તેનો અવાજ શેરીમાં સંભળાતો.

દાનિયેલ જાણતો હતો કે પ્રાર્થના કરવાથી તે રાજાના ફરમાનનો ભંગ કરતો હતો.

કાવતરાખોરોએ પોતાના નોકરોને દાનિયેલ પર જાસૂસી કરવા મૂક્યા હતા. તેઓએ કહ્યું, ''તમે સાંભળો

છે ને તમે સાંભળી શકો છો કે તે યહૂદાના લોકોની તરફેણમાં પ્રભુ આગળ પ્રાર્થના ગુજારે છે. જો તે રાજા આગળ તેનો ઈન્કાર કરશે તો આપણે તેની વિરુધ્ધ સાક્ષી પૂરીશું.''

દાર્યાવેશે કહ્યું, ''દાનિયેલ, ઘણા સરદારો અને સૂબાઓએ તારી વિરુધ્ધ ફરિયાદ કરી છે કે, તું મારા ફરમાનને માન આપતો નથી. ત્રીસ દિવસો સુધી તારે મારા સિવાય અન્ય કોઈ દેવ કે માણસની ભક્તિ કરવાની નથી.''

દાનિયેલે જવાબ આપ્યો, ''મારા રાજા, જ્યારે તમે મને સૂબાઓ પર અધિકારી નીમ્યો ત્યારે મેં તમારે પડખે હંમેશાં ઊભા રહેવા ઈશ્વર પાસે પ્રાર્થના કરી હતી. હું મારું કાર્ય તેની મદદ સિવાય કેવી રીતે કરી શકું ?''

''તું તારા ઈશ્વરને એટલો બધો ચાહે છે કે, જો તને ભયંકર સજા કરવામાં આવે તો પણ તું તેની પ્રાર્થના કરવાનું છોડી દઈશ નહિ ? તે બદલ તારે તારા જીવનથી કિંમત ચૂકવવી પડશે ?''

''મારા રાજા, હું તમને માન આપું છું, પણ ઈશ્વરે બધા માણસોનો ડર રાખવાનું મારી પાસેથી લઈ લીધું છે. હું ગભરાતો નથી.''

રાજા વિચારમાં પડી ગયો. બદલો લેવાની કોઈ ઈચ્છા વગર રાજા દાનિયેલ સામે જોઈ રહ્યો.

તેણે ધીમેથી કહ્યું, ''હું તને બચાવવા પ્રયત્ન કરીશ.''

હવે રાજાને સમજાયું કે, સરદારોએ અને સૂબાઓએ તેને ફાંદામાં ફસાવ્યો છે. તેમણે આગ્રહ કર્યો કે, સજાનો અમલ કરવામાં આવે.

''તમે કેટલો સમય રાહ જોશો ? તેણે તમારા ફરમાનની અવગણના કરી છે. તેને સિંહો આગળ ફેંકી દેવો જ જોઈએ.''

જો રાજા પોતાના સહીવાળા હુકમનો અમલ ન કરે તો તેના સરદારો તેને બળવાની ધમકી આપવા લાગ્યા.

સિંહોની ગુફાના પ્રવેશદ્વારે, રાજાએ દાનિયેલના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, ''તારા દુશ્મનોએ મને છેતર્યો છે. હું તને બચાવી શકતો નથી.''

દાનિયેલે જવાબ આપ્યો, ''હું જરાયે ગભરાતો નથી.''

તેણે ભૂખ્યા સિંહોની ગર્જનાઓ સાંભળી. તેણે ગુફા પાસે ભારે શિલા જોઈ. સરદારો, સૂબાઓએ ગુફાનું

પ્રવેશદ્વાર બંધ કરવા તે વિશાળ પથ્થર મંગાવ્યો હતો. તેમને ડર હતો કે કદાચ કોઈ તેને બચાવી લે. તેઓએ ભડભડ બળતી અગ્નિની ભઠ્ઠીમાં ત્રણ જાણ સાથે દૂત જોયેલો તે તેઓ ભૂલ્યા ન હતા.

રાજાએ કહ્યું, "તારો ઈશ્વર, જેની તે જિંદગીભર ભક્તિ કરી છે, તે તને મદદ કરશે."

રક્ષકોએ દાનિયેલને પકડયો ત્યારે તેણે કોઈ વિરોધ કર્યો નહિ.

દાર્યાવેશ દુ:ખી થઈ પોતાના મહેલમાં પાછો ફર્યો. તે જાણતો હતો કે દાનિયેલ નિર્દોષ છે.

"શું મેં તેને તેના દુશ્મનોથી બચાવવા બધા પ્રયત્નો કર્યા હતા ?" તેણે પોતાની જાતને પ્રશ્ન કર્યો.

રાજાએ ન ખાધું કે ન પીધું. તે ઊંઘી શક્યો નહિ. રક્ષકો તેને નિસાસા નાખતો સાંભળી શકતા હતા.

જ્યારે પ્રભાત થયું ત્યારે રાજા ઊઠયો અને તરત જ મહેલ છોડી બહાર ગયો.

પ્રવેશદ્વાર પરના સૈનિકો આશ્ચર્ય પામ્યા. તેણે તેમના આશ્ચર્યની નોંધ ન લીધી. તે સિંહોની ગુફા પાસે ગયો.

ગુફા આગળનો ભાગ ખાલી હતો. તેની અંદરના



ભાગમાં હજી અંધકાર છવાયેલો હતો.

દાર્યાવેશ ગુફાના કઠેરા પર નીચે નમ્યો. તેનો અવાજ ધ્રૂજવા લાગ્યો. તેણે મોટેથી બૂમ પાડી, ''દાનિયેલ ! દાનિયેલ ! શું તું હજી જીવે છે ?''

''મારા રાજા, હા, હું જીવતો છું.''

રાજાના કાન આ માની ન શક્યા: દાનિયેલનો અવાજ સ્પષ્ટ અને મોટો હતો. રાજાને ખૂબ આનંદ થયો.

''દાનિયેલ ! દાનિયેલ ! કોણે તારી રક્ષા કરી ? તને કશી ઈજા તો થઈ નથી ને ?''

''રાજા સાહેબ, મારા માલિક રાજા, મારા પ્રભુએ સિંહોનાં મોં બંધ કરવા દૂત મોકલ્યો હતો અને ભયાનક સિંહો પાળેલા સિંહો જેવા બની ગયા છે, તમે ચિંતા ન કરો. મને કોઈ ઈજા થઈ નથી.''

રાજા બૂમ પાડી ઊઠયો, ''દાનિયેલ, તું એકમાત્ર અને જીવતાજાગતા પ્રભુનો સેવક છે.''

તેના અવાજથી સૈનિકો અને રક્ષકો દોડી આવ્યા. પ્રથમ તો તેઓ સમજી ન શક્યા કે શું બન્યું છે. મોં ફાડીને તેઓ ત્યાં ઊભા રહ્યા.

રાજાએ આજ્ઞા કરી, ''ઊભા ન રહો. શિલા ખસેડો



અને દાનિયેલને સિંહોની ગુફા બહાર આવવા દો.''

સરદારો અને સૂબાઓ દાનિયેલનું શું થયું હશે તે જાણવા આતુર હતા.

તેઓએ આખી રાત મિજબાનીમાં પસાર કરી. હતી. કારણ, દાનિયેલ તેમનો દુશ્મન મરી ગયો હતો.

તેઓએ મજાક કરી. કદાચ સિંહોએ આપણા કૂતરાઓ માટે તેનાં થોડાં હાડકાં રહેવા દીધાં હશે !

તેઓ પણ સિંહોની ગુફા પાસે આવ્યા. ગુફા આગળ માણસોનું મોટું ટોળું ભેગું થયું હતું. હવે તેમણે રાજાનો અવાજ સાંભળ્યો,

''મારા આખા રાજ્યમાં બધાંએ દાનિયેલના દેવની ભક્તિ કરવી. તે જીવતો ઈશ્વર છે. તેનું રાજ્ય સનાતન છે અને તેના સામર્થ્યનો કદી અંત આવતો નથી.''

''રાજા ઘણું જીવો ! દાનિયેલ ઘણું જીવો !''

આ અવાજ દુશ્મનોને તરવારના ઝાટકા જેવો લાગ્યો. તેઓ આઘાતથી મૂંગા થઈ ગયા. તેઓ ઊભા હતા ત્યાંથી હાલી ચાલી શકતા ન હતા.

''દાનિયેલ હજી જીવે છે !''

તેઓમાંના એકે કહ્યું, ''ભાગો !'' પણ તેમને માટે

ઘણું મોડું થઈ ગયું હતું. રાજા તેમને જોઈ ગયો હતો. તેણે આજ્ઞા કરી, ''બધાને અહીં પકડી લાવો.''

તેઓના વિલાપથી અને નિર્દોષ હોવાની વિનવણીથી આખો ચોક ભરાઈ ગયો.

રાજાએ કહ્યું, ''તમારો વિલાપ નકામો છે. તમે કંઈ પણ બોલવા હવે લાયક નથી. તમે જે છટકું દાનિયેલ માટે ગોઠવ્યું હતું તેમાં હવે તમે પોતે જ ફસાયા છો.''

દાર્યાવેશે જરા પણ દયા બતાવી નહિ.

''તેમને સિંહો આગળ ફેંકી દો ! મારે તેમની ખુશામતના શબ્દો હવે કદી સાંભળવા નથી.''

લોકોના દેખતાં તેમને પકડીને સિંહોની ગુફામાં ફેંકી દેવામાં આવ્યા.

સૈનિકોએ કહ્યું, ''પ્રવેશદ્વાર આગળ અમે મોટા પથ્થરને પાછો ગબડાવી દઈએ ?''

''ના, હવે કોઈ પથ્થર ગબડાવવાની જરૂર નથી.''

# ૭

ઈરાનીઓના રાજા સાયરસે જ્યારે બેબિલોનમાં સિંહોના ગુફા પાસે શું બન્યું તે સાંભળ્યું ત્યારે તે આશ્ચર્ય પામ્યો.

આશ્ચર્યથી તે કહેવા લાગ્યો, ‘‘તે કેવા પ્રકારનો માણસ હશે ?’’ જ્યારે તેણે બેબિલોનની મુલાકાત લીધી ત્યારે તેણે દાનિયેલને પોતાની હાજરીમાં મળવા બોલાવ્યો.

હજી ટટ્ટાર, પણ હવે સફેદ વાળવાળો પ્રબોધક, રાજાની આગળ ઊભો રહ્યો. હવે તે લગભગ ૮૦ વર્ષનો હતો.

રાજાએ તેને કહ્યું, ‘‘તારા જીવન વિષે તું મને કંઈક કહે.’’

દાનિયેલને સમયની બધી યાદ ગુમાવી હતી. પણ તેને ફરી એકવાર તેનું જીવન તેની આગળ દેખાયુ :

યરુશાલેમમાંનું તેનું બાળપણ, જે રાતે તે ગુલામ તરીકે પકડાયો તે રાત, અજાણ્યા દેશમાંનાં તેનાં પ્રથમ વર્ષો, બળબળતી ભઠ્ઠીમાં થયેલો ચમત્કાર, નબૂખાદનેસ્સારની ભયંકર માંદગી અને દીવાલ પરનું લખાણ.

તેણે તેને યિર્મેયા વિષે, પોતાના વચન વિષે, પોતાના સાથી દેશબાંધવો વિષે અને કેદીઓ વિષે કહ્યું. વર્ષો વીતતાં તેમાંના ઘણા મૃત્યુ પામ્યા હતા. તેમનાં બાળકો ફક્ત પોતાના વતન વિષે સાંભળેલી વાતો જ જાણતાં હતાં.

યરુશાલેમનો નાશ થયાને પચાસ વર્ષે પસાર થઈ ગયાં હતાં. પણ તેઓની વતનમાં પાછા ફરવાની ઇચ્છા પ્રથમ દિવસ જેવી જ તીવ્ર અને દુઃખદ હતી.

રાજા દાનિયેલના શબ્દો ભૂલ્યો ન હતો. તે આ લોકોના ભવિષ્ય વિષે ચિંતા કરતો, અને તે તેઓના તરફ લાગણી દર્શાવતો.

તેણે યરુશાલેમનો નકશો જોવા માગ્યો. તેણે ભગ્ન મંદિરનો નકશો જોયો. તેણે યહૂદી લોકોના રીતરિવાજોનો અભ્યાસ કર્યો. તેણે તેના વિદ્વાનોને યહૂદી રાજાઓના ઇતિહાસ અને તેઓના પ્રબોધકોનાં ભવિષ્યકથનો વિષે હુકમ કર્યો.

યહૂદીઓના અદશ્ય દેવ પરના મોટા વિશ્વાસથી તે પ્રભાવિત થયો. તે એક ખાસ નિર્ણય પર આવ્યો. તે સાંભળનાર દાનિયેલ પ્રથમ માણસ હતો.

સાયરસે કહ્યું, ''દાનિયેલ, તારા અદશ્ય દેવે મને પસંદ કર્યો છે. તમે તમારા વતનમાં પાછા ફરો. યરુશાલેમનું મંદિર રાજાના ખર્ચે ફરી બંધાશે. હું પવિત્ર ખજાનો તમારા લોકોને પાછો આપીશ.''

શનિયેલ ઘૂંટણે પડયો અને તેણે પ્રાર્થના કરી :

''પ્રભુ મહાન છે, તે ઈચ્છે છે ત્યારે સમય અને પળ બદલે છે.

તે રાજાઓને પાડે છે અને ઊભા કરે છે.

તે અમને ડહાપણ અને સમજણ આપે છે.

તે ગૂઢ અને છૂપું બધું જાણે છે.

તે અંધકાર પાછળ શું પડેલું છે તે જાણે છે.

ઓ સ્વામી, મારા પ્રભુ, હું તારો આભાર માનું છું, તારી સ્તુતિ કરું છું.''

રાજાના હુકમથી યહૂદી કેદીઓમાં આનંદ અને ઉત્તેજના વ્યાપી ગયાં.

એક બહાદુર યહૂદી શેશબાઝાર વળતી મુસાફરીમાં

દોરનાર હતો. રસ્તો લાંબો હતો. બેબિલોનથી યરુશાલેમ સુધીની મુસાફરી એક હજાર માઈલ કરતાં વધુ હતી.

તૈયારીમાં અઠવાડિયાંઓ વીતી ગયાં.

કેટલાક લોકોએ બેબિલોનમાં જ રહેવાનો નિર્ણય કર્યો.

રાજાએ તેમને નિર્ણય કરવાની છૂટ આપી. તેઓએ વેપાર શરૂ કર્યો હતો. દોલત અને અધિકાર મેળવ્યાં હતાં. આ દેશ તેમનું વતન બની ગયો હતો.

તેઓમાંના ઘણા વૃદ્ધ થયા હતા. તેઓ આવી કઠણ મુસાફરી કરી શકે તેમ ન હતા.

અને દાનિયેલ ?

દાનિયેલને ખબર હતી કે, હવે તેના જીવનનો અંત નજીક છે, પ્રભુએ તેને જે મહાન કામ સોંપ્યું હતું તે તેણે પૂર્ણ કર્યું હતું.

પાછા ફરતા લોકોએ તેને કહ્યું, ''તમે અમારી સાથે આવો. અમે તમારે માટે ગાડી કરીશું.''

દાનિયેલ હસ્યો.

''મારી સૌથી મોટી ઈચ્છા પૂર્ણ થઈ છે. હું અહીં રહીશ પણ મારું હૃદય તમારી સાથે સફરમાં હશે.''



તેણે શેશબાઝારને પેલું ઓળિયું આપ્યું.

તેણે કોને કહ્યું, ''તેની તું બરાબર સંભાળ રાખજે. યરુશાલેમના નવા મંદિરમાં તેને મૂકજે.''

તે યિર્મેયાનો સંદેશો હતો.

વિદાય થવાનું પ્રભાત ઊગ્યું. વસંત ઋતુ હતી.

રાત્રી દરમ્યાન બધા લોકો ટોળીઓમાં ભેગા થયા હતા. સૂર્ય ઊગ્યો કે તરત જ લાંબી કતારોમાં તેઓએ ચાલવાનું શરૂ કર્યું.

મિત્રો, સંબંધીઓ અને કુતૂહલવશ લોકો પોતાનાં ઘરોની બારીઓમાં ઊભા રહી જોતા હતા. તેઓ તેમને હાથ હલાવી વિદાય આપતા અને તેમના પર ફૂલોનો વરસાદ વરસાવતા.

પસાર થતી ટુકડીઓનો અંત આવતો ન હતો. હજારો લોકો હતા. આખાંને આખાં કુટુંબો તેમનાં દાસ દાસીઓ સાથે જતાં દેખાતાં હતાં. તેઓની સાથે તેમનાં પશુઓ - ખચ્ચરો, ઘોડા, ગધેડાં અને ઊંટો - ઘરવખરી અને બીજો સામાન ઊંચકી ધીમેધીમે પસાર થતાં હતાં. રસ્તામાં આવતાં ગામડાંઓ અને નાનાં શહેરોમાંથી ઘણા યહૂદી લોકો આ સમૂહમાં જોડાતા હતા.

સમૂહની આગળ વાજિંત્રો વગાડનાર ચાલતા હતા. તેઓની પાસે વીણા, સારંગી અને અન્ય વાદ્યો હતાં. તેઓ તેમના વતનનાં પુરાણાં ગીતો ગાતા. વાજિંત્રવાદકો પાછળ ગાડાંઓમાં પવિત્ર વાસણો અને બીજો ખજાનો હતો. ત્રીસ સોનારૂપાની મોટી તાસકો, ૩૦ સોનાનાં અને ૪૦૦ રૂપાનાં નાનાં વાસણો, એક હજાર પ્યાલાઓ, ૨૯ છરીઓ અને શુદ્ધ સોનાની દશ દીવીઓ હતી. તેમને સોનાનાં કોતરેલાં ફૂલોથી શણગારેલી હતી. જૂના સમય પ્રમાણે, તે બધાં યરુશાલેમના મંદિરના શણગાર અને ઉપયોગ માટે હતાં.

દાનિયેલ પોતાના ઘરના ધાબા પરથી જોઈ રહ્યો હતો.

વતન પાછા ફરતા લોકોની ટુકડીઓ ત્યાં અટકતી હતી અને તેઓ તેના તરફ ઊંચે જોઈ દાનિયેલનું અભિવાદન કરતા.

દાનિયેલ તે તેમાંના ઘણાંને ઓળખતો હતો. ગિબ્બાર અને બેથલેહેમનાં બાળકો, મિખમાસ અને યેરેખોના માણસો, રામા અને ગાબાનાં બાળકો, ગવૈયા, યાજકો અને યરુશાલેમના મંદિરના સેવકો, બધાં જ ત્યાં હતાં.

દાનિયેલના મુખ પરથી આંસુ વહી રહ્યાં.

તે તેના વિચારોમાં તેમની સાથે હતો.



હવે તેઓ મોટી યુફ્રેટિસ નદીના કિનારેકિનારે ઉત્તરમાં પ્રવાસ કરશે. રાત્રે તેઓ રાવટીઓ તાણી તાપણાં સળગાવી તેની આસપાસ બેસી ગીતો ગાશે. એક દિવસ તેઓ સીમા ઓળંગી પોતાના વતનના દેશમાં પ્રવેશશે અને ગાલીલનો સમુદ્ર અને યહૂદાની ભૂરી ટેકરીઓનાં દર્શન કરશે...

દાનિયેલને એ ભાન રહ્યું નહિં કે સૂર્ય હવે માથા પર ઊંચે આવ્યો છે અને તે તેને દઝાડે છે. અને ઘણા કલાકો ઊભા રહેવાથી તે થાકી ગયો છે.

શહેરની વહાર દૂર લોકોની ટુકડીઓ પર ધૂળ વાદળની જેમ ફેલાયેલી છે.

ઓચિંતો કોઈએ તેના ખભા પર હાથ મૂક્યો.

ચમકીને દાનિયેલ પોતાના વિચારોમાંથી જાગ્યો. ''હનાન્યા ! મિશાએલ અને અઝાર્યા ! તમે છો !''

તે હસ્યો.

તેઓ પણ હવે વૃદ્ધ થયા હતા. તેઓને પણ ધોળા વાળ આવ્યા હતા. મિશાએલ લંગડાતો હતો અને લાકડીના ટેકે આગળ નમીને ચાલતો હતો.

''હા, અમે અહીં છીએ, અમે તમારી સાથે રહીશું,''

1BGR2